૪૨૮૫

કર્પૂર મંજરી.

(સટ્ટક.)

પ્રાકૃત ઉપરથી ગુજરાતીમાં

કરનાર.

બાળાશંકર ઉલ્લાસરામ કંથારીયા.

દુહો.

કર્પૂરમંજરી રસ ભરી. કરિ ગુર્જરિ ગુણ ગ્રામ;
નટપુર વાસી નાગરે અનુવાદિત અભિરામ.

ભરૂચ—"જ્ઞાનોદય" પ્રીન્ટીગ પ્રેસ.

સંવત ૧૯૪૪ સને ૧૮૮૭

મૂલ્ય—ગીલ્ટ વાળીનો એક રૂપીઓ.
સાદાના બાર આના.

સમર્પણ.

પ્રિય બંધુ,

અનૂપરામ મીઠાલાલ દીનબંધુ.

તારો મારા ઉપર પૂજ્ય ભાવ, તારૂં હૃદય, ટેક, અને તારા વિવેકના સ્મરણસારૂ આ લઘુ પુસ્તક સાથે તારૂં નામ જોડવામાં હું સાર્થ થયો સમજુ છું. વળિ આ ગ્રંથ લખવામાં જેવી તારી ઇચ્છા હતી તેવીજ રચના મેં કરેલી છે અને તારાજ આગ્રહથી એ રચાયું અને આ પ્રમાણે બ્હાર પડવા પામે છે.

તાત્પર્ય,

એનું

સમર્પણ તનેજ હો!

વસંત તિલકા.

શોધ્યો નથી જગત સાંપડતો સબંધ,
બંધૂ તણો સુખદ શાંતિદ પ્રેમ બંધ;
મારે નહીં અનુજ કે પ્રિય પુષ્ટકારી,
તે **તેં** ખરી ગરજ માહરિ **બંધુ!** સારી. ૧

ઉત્સ્વાસ સ્વાસ સહ શ્રોણિત સ્રાવ થાતો,
તેં અંતરે પરમ પ્રેમ થકી ઝિલ્યો તો;
જ્યારે પડી શિર પિડા પ્રગટ્યો પ્રભાવ,
તે વીસરૂં ન **તુજ** મૂજશું પુજ્ય ભાવ. ૨

તોએ શિખામણ કંઇ **તુજને** દઉં છું,
જો કે વિવેક વય માંહિં નિપુણ્ય **તું** છું;
દેખાય આ જગત રંગ તણી બહાર,
કાળે થતી ઝલક ઝાંખિ દિઠી અપાર. ૩

ચેતાવું છું પ્રથમ કે **તુજ બંધુ**-ટેક,
ભૂલીશ ના **જનમ કૂલ** તણો વિવેક;
હું જેષ્ટ **તું** અનુજ એ પદને લગાર,
જોજે ન બાપુ! લજવીશ થઇ * * * ૪

મેં આ કરી કૃતિ ખરી **તુજને** રિઝાવા,
તેમાં અલાપ મૃદુ ભાવિત રાગ ગાયા;
તે સાથ નામ લખું અક્ષય ચારૂ **તારૂં**,
બંધુ! તને હૃદય સોંપ્યું ધવાયું મારૂં. ૫

તારા જજો દિવસ શાંતિ ભર્યા સદાયે!
નાના પ્રકાર સુણતાં કવિતા તરંગે!
એ આશિષે દઈ વધામણિ લેઈ હસ્તે!
આ 'માલિકા' અરપું કોમળ તૂજ કંઠે! ૬

દુહો.

અભિનવ રત્નનિ માલિકા, અરપે જન ધનવાન;
નિર્ગુણ અક્ષર માલિકા અરપું તને ગુણવાન!

ભરૂચ, ૫. નવેમ્બર સને ૧૮૮૭. કાર્તિક, કૃષ્ણપક્ષ અષ્ટમિ, મંગળવાર, સંવત ૧૯૪૪.	લી૰ તારો શુભચિંતક. બા. ઊ. કંથારીઆ.



કર્પૂર મંજરી.

[બા. ઉ. કંથારીઆ.]

(નાટિકા.)

દુહો.

કર કુસુમ તણી માલિકા, પતિ સન્મુખ શરમાય;
સૌભાગ્યભાવ પાર્વતિ તણો, નિત્ય કરે રક્ષાય. ૧

(સૂત્રધાર પ્રવેશ કરે છે.)

સૂત્ર—(પરિક્રમણ કરીને). અહો ! આપણા પાત્રજનોએ ગાવા બજાવવાનું શરૂ કર્યું ? જુવો ! કોઈ સખી

વસ્ત્ર સમારે છે, કોઇ માલા ગુંથી રહીછે, કોઇ પડદા બાંધી રહી છે, કોઈ ચંદન ઘસે છે; વળી, જુવો ! આ વાંસળી નીકળી; વિણાનો ખોળો ઉતર્યો; ત્રણ મૃદંગો મેળવેલી છે, તેની સાથે મંજીરા પણ ઠણુક્યા; અને આ ધ્રુપદપણ ગવાયું. (થોભીને) લાવ ! કોઈને બોલાવીને પુછું (નેપથ્યમાં જોઇને) અરે ! કોઈ છે કે ? (પારિપાર્શ્વકપ્રવેશ કરે છે.)

પારિ—શી આજ્ઞા છે ?

સૂત્ર—(વિચાર કરીને) ખેલ શરૂ કરવાની વખત થઈ ?

પારિ—હા ! આજ સટ્ટક ભજવવું નથી ?

સૂત્ર—કોનું રચેલું ?

પારિ—રાજ્યની શોભા સાથે અંગોની શોભાનું રચેલું.

સૂત્ર—(સ્વગત) આતો કંઇ કૂટ સંજ્ઞા માલમ પડે છે. (પ્રકાશ) હાં ! હાં ! રાજશેખરનું !

પારિ—હા, તેમનુંજ.

સૂત્ર—ઠીક છે; સટ્ટકમાં કદાપિ વિષ્કમ્ભક, પ્રવેશક, હોતા

નથી. પરંતુ નાટકોમાં એ પણ એક સુંદર નાટક થાય છે. (વિચાર કરીને) પણ કવિએ એને સંસ્કૃત મુકીને પ્રાકૃતમાં કેમ રચ્યું ?

પારિ—આપે શું નથી સાંભળ્યું ? કે,

દુહો.

પ્રેમ ખરી વાંચે ખરી, વાત, ભરી રસ હોય;
સર્વ આઢ્ય રસ વાતને, વાણિ ગમે તે હોય. ૨

વળિ,

અતિ કઠીણ સંસ્કૃત ગિરા, પ્રાકૃત મધુર ગણાય;
નર નારી અંતર મહીં, પરમ સુખથિ સમજાય. ૩

સૂત્ર—ત્યારે એ કવિએ પોતાની હકીકતનું વર્ણન કંઇ નથી કર્યું !

પારિ—કેમ નહીં ! તે સમયના કવિ અપરાજિતે તેમની ઘણી પ્રસંશા કરી છે,

દુહો.

નિર્ભર, બાલક, રાજકવિ, આદિ અનેક કવીશ;

શિષ્ય થઈ જેના, થયા, અતિ પ્રસિદ્ધ અવનીશ. ૪
જેનો સુયશ ચતુર્દિશા, ગુણિજનનો સરતાજ;
નિજ કુલ કૈરવ અમિનિધી, તે શેખર કવિરાજ. ૫

સૂત્ર—પણ આજ આ નાટક ભજવવાની તમને કોણે આજ્ઞા કરી છે?

પાત્રિ—અવન્તી દેશના રાજા ચારૂધાનની પુત્રી, તેજ કવિની પ્રિયતમા સ્ત્રીએ. વળી, આ સટ્ટકમાં કુમાર ચંદ્રપાલનું કુંતલદેશની રાજકુમારી સાથે લગ્ન થશે. એ પણ આપ જાણજો. ચાલો ત્યારે અમે પણ પોત પોતાના વેશ ધારણ કરીએ. પેલા આપના મોટા ભાઇ, રાજાની રાણીનો વેશ લઈ પડદા પાછળ, ઉભા છે.

(એમ કહી બન્ને જાય છે.)

પ્રથમ અંક.

(સ્થાન રાજભવન.)

(રાજા, રાણી, વિદૂષક, અને ખાસ મંડળના માણસોનો પ્રવેશ થાય છે.)

રાજા—પ્રિયા, વસંત આવવાની તને વધામણી કહુંછુ કારણ, હવે તો,

વસંત તિલકા.

રૂચે ન પાન વળિ કેશર આડભાલે,
બંધાય કેશ કસિને ન સુગંધ તેલે;
ખેંચાય કંચુકિ તણા નહિં બંધ ઝાઝા,
ગ્રીષ્મે જિતી શરદની બળવાન માઝા. ૬

રાણી—પ્રિયતમ, આપને પણ વધાઇ છે. જુવો ! કામી જનોએ હવે ચંદન ચર્ચવા માંડયાં, પુષ્પહાર પેહરવા માંડયા, અને સુજનીઓ પગ આગળ નાખેલી છતાં તેને ઓઢવાની ઇચ્છા ઉત્પન્ન થતી નથી.

(નેપથ્યમાં બે વૈતાલિકો ગાય છે.)

સવૈયા.

પૂર્વ દિશા પટરાણી મનોહર, ચંપક પૂર મહા સુખ સાગર,
જીતિ લિધો હઠ દેશ, અનંગતણા ચિતને વળિ મોહ મયાકર;

ખેલ કરે મૃગ, શાર્દૂલ સાથ, મનોહર કાંતિ સુવર્ણ પ્રભાકર,
સાજ સહુ સુખનો છબિ રાજિત, આજ લસે ઋતુરાજ કૃપાકર. ૭

હોરી, આશાવરીની.

આજ વસંત રાજ રસ ભર આવે;
તન મન માંહી ઉમંગ વસાવે. —આજ.

શિરિષ કુસુમ પરસી લહરાવે,
સરસ સુગંધ મંદ મંદ આવે,
મલય ગીરી પરથી બહકાવે,
પવન વિરહી જન તાપ ચઢાવે. આજ. ૮
પ્રમદાના પટ અંચળ ફહરાવે,
ફરક ફરક મદન ધ્વજ લહકાવે,
જીવન પ્રાણ જગત રસ લાવે,
પવન મધુર સહુને મન ભાવે. આજ. ૯
દેખિ વસંત થઇ ઉમગેલી,
વન ઉપવન ફુલી ચારૂ ચમેલી,
આમ્ર તરૂવર ઉપર ચઢેલી,

લપટી રહી ચારૂ માધવિ વેલી. આજ. ૧૦
વન વન માલતિ ફૂલી નવેલી,
મધુકર આવી ઝૂમે અલબેલી,
મન માંહી લેઇ અતી સુખ હેલી,
ભ્રમર ગુંજાર કરે રસ રેલી. આજ. ૧૧

રાજા—પ્રિયા, આપણેતો અરસપરસ વસંતની વધાઇ દેતાંજ હતાં, પણ એટલામાં કાંચનચંદ્ર અને રત્નચંદ્રે, આપણ બન્નેને વધાઇ દીધી. તો હવે જોઇ સંતોત્સવ તરફ નજર કર!

શાર્દૂલ.

કેવી કોયલ કૂદિ કૂદિ સુરમાં આલાપતી પંચમે,
કેવી વાયુ ઝકોરથી મૃદુ લતા નાચી રહી છે વને;
ચિન્તે જોબનવંતિની તરૂણિના ઉત્સાહ કેવો રહે,
વાયે વાયુ વસંતનો અખિલ આ પૃથ્વી પ્રકાશી રહે. ૧૨

રાણી—આર્ય, બંદીજનોએ જેવું વર્ણન કર્યું તેવોજ વાયુ વાઇ રહયો છે.

શાર્દૂલ.

ઝઝી ચંચળતા થકી વહિ રહે લંકા તણે કાંગરે,
વાયે આવિ અગસ્ત આશ્રમ વિષે ધીરો મુનીના ભયે;
ઝોકે ચંદન ને કપૂર કદલી કંકોલ પત્રો ચઢ્યાં,
ડોલે સર્પ વને કરી જળ શિળાં આ તામ્રપર્ણી તણા. ૧૧

વળિ, જુવો ! કોયલ ચૈત્રના બહારમાં ટુહુકી ટુહુકીને
જાણે કામદેવની આજ્ઞાથી કહેતી હોય કે,

ઉપેંદ્રવજ્રા.

" તજો તરૂણી પ્રિય સાથ માન,
કરો પિયૂ દર્શન પ્રેમ પાન;
ઉઠી હઠેથી ગલબાંહ નાખો,
થઇ પ્રિયા પ્રીતમ પાસ રાખો. ૧૪
જવાનિ છે વે'તિ નદી સમાન,
કાળે ઘટે યોવન પૂર માન;
નહીં ફરીથી મળશે સમો આ,
માટે તરૂણી રસ લ્હાવ લેવા. " ૧૫

એવું જણાય છે.

વિદૂ—ભલા મને પણ કોઇ પુછો ! હું પણ બડો પંડિતછું. બંદાએ જ્યારે ઘર ચણાવ્યું ત્યારે હજારો ખર ઊપર પોથીઓ લાદી લાદીને માટીના ગારામાં નંખાવી હતી. અને બંદાના સસરાનો તો જન્મારોજ અહીં પોથીઓ ધોતાં ધોતાં વિત્યો. અને એમાંને એમાં સ્વર્ગે પણ પહોંચ્યા. કાળા અક્ષર બીજાઓને તો કામધેનુ છે; પણ અમારે તો મોટી ભેંસ રૂપ છે.

વિચક્ષણા—એથીજ આપનું નામ લબાડપંડ્યા પાડયું છે તો !

વિદૂ—(ક્રોધથી) છટ ! રાંડ ! દાસી! કુટણી! લુચ્ચી! મૂર્ખ!

વિચ—તારી મા કુટણી હશે, તેથીજ આવા સપૂત પેદા થયા છો કેની ? તમારાથી તો પેલા ભાટ પણ સારા કે હમણા ગાયન કરી ગયા; ને તમને એટલીએ સમજણ નથી કે કંઇ બનાવીએ અને ગાઇએ.

વિદૂ—અમેજ એના સામે ગાઇએ તો! અમારી કવિતા સાંભળવાને એનુ મ્હોં નથી કહેતું ! હા ! પણ

આપણા મિત્ર મહારાજ કંઈ કહે તો અલબત્ત ગાઉં.

રાજા — હા, હા, મિત્ર ચલાવો; હું સાંભળું છું.

વિદૂ — (લાકડી પર તંબુરો બજાવતો હોય એમ ચાળા કરીને.)

વસંત આવે, વસંત આવે, મધુફુલ વનમાં ફુલ્યાં,
અનેક ભાંતી મયૂર નાચે, જ્યમ ભેંસાં બહુ ડુલ્યાં,
વેલ ઉપર ફુલ લહેકે વચમાં, જમાવિ જ્યમ દહિં દીધું,
મંદ પવન લ્હેરાતો ચાલ્યો, જ્યમ ખર પાડું દીધું.

"શાબાશ! શાબાશ!" કહેતા જાઓ, નહીંતો બંદાથી ગવાતું નથી. જુવો વળી, સંગીત અને સાહિત્ય બન્ને મેળવી દેવાં એતો આપણુંજ કામ.

(ફરીથી ગાય છે.)

ફુલ્યાં હજારી જેમ પકોડી, બોર ફુલ્યાં જ્યમ લાડુ,
ભાત દાળ ખેતરમાં ફુલ્યાં, ઘર ફુલ્યો કુલદીપ હું.
આવ્યો, આવ્યો, વસંત;
આવ્યો, આવ્યો, વસંત.
અમે વસંત, રાજા વસંત, રાણી વસંત, દાઇ વસંત.

(બધાં હસે છે.)

રાજા—આમની કવિતા તો થઇ ચુકી હવે વિચક્ષણા તું કંઇ બોલ.

વિદૂ—હા ! હા ! અમારા બોલવા પર એ હસે છે તો એજ ગાય. જો મોટી ગાવાવાળી ન દીઠી હોય તો ! એને હેં હેં હેં, શિવાય બીજુ આવડે છે શું ? આવી બદફેલ સ્ત્રી શું રાજાના મ્હેલમાં રાખવા લાયક છે ? એ રાત દિવસ મહારાણીના ઘરેણાં ચોરી ચોરીને પોતાના યારોને આપ્યાં કરે છે, અને વળિ અમારા કાવ્યપર હસે છે. ખરૂં છે ! વાંદરી આદાનો સ્વાદ શું જાણે ? અમારા કાવ્ય ઉપર રીઝવાવાળા તો છે મ્હારાજ ! તું શું રીઝીશ ? હવે જોઇએ છિએ જ કેની કે તું કેવું કાવ્ય બોલે છે ?

રાણી—હા, હા ! સખી વિચક્ષણા, અમારી આગળ તો તેં તારાં રચેલાં કાવ્ય ઘણીવાર ગાયાં છે; પણ આજ મહારાજ સમક્ષ કંઈ ગાઈ બતાવ. કારણ વિદ્યા તો તેજ કે જેની પરિક્ષા થાય. સોનું તો તેજ કે

જે કસોટી પર ચડે, અને શૂરા તો તેજ કે જે મેદાન પડે.

વિચ—જેવી આર્યાની આજ્ઞા ! (બોલે છે)

કવિત્ત.

ફુલશે પલાશ વન, લાગશે અંગાર,
ક્રુર કોકીલા કુહુકી શબ્દ, કોમળ સુણાવશે;
ગાઈ ગાઈ સખીઓ, મચાવશે ધુમાર ધુમ,
અબિર ગુલાલ રંગ, રેલીને ઉડાવશે;
લંજેરે સભાગ નારી, પ્રોષિતા પિયુ વિનાની,
પંચ બાણ તાપ તારે, તનડે તપાવશે;
ધીરજ સંહારશે, વધારશે વિરહ કામ,
ધામધુમ કામની, વસંત રાજ લાવશે. ૧૬

રાજા—સાબાશ ! સાબાશ ! વિચક્ષણા ! તું તો બડી ચતુર છે. કવિતાસમુદ્ર તરી ચુકી છે. ખરે ! આતો સર્વ કવિઓની અધિષ્ઠાત્રી જેવી છે.

રાણી—(હસીને) એમાં કંઇ સંદેહ છે કે ! અમારી સખી

સર્વ કવિઓની સરતાજ તો થઇ !

વિદૂ— (ક્રોધથી) ત્યારે ઉઘાડી રીતે મહારાણી કહેતાં કેમ નથી કે આ દાસી વિચક્ષણા બહુ સારી છે અને કપિંજલ બ્રાહ્મણો તો નકામોજ છે.

વિચ—હું ! હું ! મુળ મંડાણમાંજ આટલા બધા લાલ પીળા થઇ ગયા. જે જેવું હશે તેવે. ગુણ તો તેના કાવ્યથીજ પ્રગટ થઇ ગયો. તમારા કાવ્યની ઉપમાઓ તો એવી સરસ છે કે જાણે લંબસ્તની નારીના ગલામાં મોતીની માળા, મોટી દુંદવાળીના શરીર પર બારીક નાકેદાર ચીર, બોડકીના માથાપર ફુલની વાડી, અને જેમ કાણીની આંખમાં કાજળ !

વિદૂ—હા ! હા ! એ તો બરાબર ! પણ તારી કવિતા કેવી છે ? જેમ આરસના ફરસ બંધ ચોકમાં છાણની ઢગલી, સોનાના થાળામાં લોઢાની ઘંટી, અને ગજીઆણીની ચોલીમાં મુજના બખીઆ !

વિચ — ગુસ્સે ન થાઓ ! આપ તે આપજ છો ! એક અક્ષર તો ભણ્યા નથી તોપણ હીરા તોલો છો, અ-

ને અમે આટલું બધું લખી જાણી કપાસજ તોલીએ છીએ.

વિદૂ—બહુ બક બક કરીશ તો તારો જમશો અને ડાઓ યુધિષ્ટિરનો મોટો ભાઈજ ઉપાડી લઈશ!

વિચ—અને આપ પણ ટેંટેં કરતા બંધ નહીં પડો તો આપનું સ્વર્ગ કાપીને, એક પાસથી પુંછનો અનુપ્રાસ મુંડાવી દેવામાં આવશે; અને લખવાની સામગ્રી આપના મ્હોંપર લગાવી, પાનના મસાલાનો ચાંલ્લો કરી, આપને રવાના કરવામાં આવશે.

રાજા—મિત્ર! એની ટાંચે ન ચઢ. એતો કવિતામાં બડી પ્હોંચેલી છે.

વિદૂ—(ક્રોધથી) ત્યારે સ્પષ્ટ એમ કેમ નથી કહેતા કે, રાજશેખર જેવા પણ એના આગળ કશા હીસાબમાં નથી.

(ક્રોધમાં આમ તેમ ફરે છે.)

વિચ—જા! પેલી ખુંટી પર લટક! જ્યાં મારો ચરણીયો ભરવ્યો છે.

વિદૂ—(ક્રોધથી ડોકું ધુણાવી) તું પણ મારી બુઢ્ઢી માના દાંત ગયા છે ત્યાં જા! ગંદા મોટી મોટી દરબારોમાંથી પાણીચું લઇ આવ્યા છે, પણ આવી અંધેર નગરી અને બેખબર રાજા તો કંઇ દીઠા નહીં. અહીં તો ચરણામૃત અને મદ્ય એકજ પાત્રમાં ભરાય છે.

વિચ—ભગવાન્ કરે ને તને મહાદેવજીના મસ્તકવાળી મળે! અને તને શિરકંટકચ્છેદક શાસ્ત્ર શિખવવામાં આવે.

વિદૂ—લુંડી! વળિ પાછી બકબક કરે છે કે? ખજાનો તો લુંટી લુંટીને ખાલીએ કર્યો; તેમાં વળિ ચકલે બેસનારી, અને શેરીએ શેરીએ ફિરંદી તે શું અમો કુલિન બ્રાહ્મણને મ્હોંએ લાગે છે કે? તારે ફાકવાને તો મહાદેવજી પોતાને શરીરે લેપન કરે છે તેજ જોઈએ! અને તારા હાથમાં તો જે વડે ધર્મ બંધાય છે તેજ રહેવાની!

વિચ—તારા આ બોલવા પરથી તો મન એજ ઈચ્છે

છેકે, પાનને બદલે ચરણદાસજીથી તારૂં મ્હોં લાલચોળ બનાવી દઉં.

વિદૂ—(ક્રોધ કરી તાણીને) આવા દરબારને તો દૂરથીજ નમસ્કાર ! જેમાં લુંડીઓ અમ જેવા પંડિતોની સાથે ટાંચે ચઢે; જો આ લુચ્ચી, ઉચક્ણીના બોલ સહન કરવાના હોય તો આપણી વસુંધરા નામની ઘર વાળીનીજ ચરણ સેવા ન કરૂં, કે બિચારી સારૂં સારૂં, ગરમાગરમ ખાવાનું તો ખવરાવે ?

(એમ કહી ક્રોધમાંજ ચાલ્યો જાય છે. અને સર્વ હસે છે.)

રાણી—કપિંજલ પંડ્યા વગર તો સભા, જાણે કાજળ વિનાના શૃંગાર જેવી થઈ ગઇ.

(નેપથ્યમાં)

ના ! ના ! અમે તો નથી આવનાર ! વિચક્ષણાનો ધણી અને મહારાજાનો મુસાહેબ કોઇ બીજો ખોળી લો! આજથી પેલી બુચી બુદ્ધીજ અમારૂં કામ કરશે!

વિચ—મહારાણી ! આપની આટલી મમતાથી કપિંજલ

વળિ વધારે વધારે નઠોર બને છે. રાયણની ગાંઠ ભીંજવવાથી વધારે કઠણ થાય છે.

આમ જુવો ! આ ગોવાલણ ગીત ગાઈ રહી છે, અને ભગવાન સુર્યનારાયણ આકાશમાં મંદમંદ ચાલે છે પરંતુ કેટલો નજીક આવ્યો છે.

(વિદૂષક ગભરાતો ગભરાતો પાછો આવે છે.)

વિદૂ—આસન ! આસન લાવો !

રાજા—કેમ ? કેમ ?

વિદૂ—ભૈરવાનંદજી આવે છે.

રાજા—પેલા મોટા સિદ્ધ છે, તેજ ભૈરવાનંદ કે ?

વિદૂ—હા ! હા !

(ભૈરવાનંદ આવે છે.)

ભૈ.નં—ન મંત્ર ! ન જંત્ર ! ન ધ્યાન ! ન યોગ ! ન ભોગ ! કેવળ ગુરૂનો પ્રસાદ ! પીવાને મદીરા, ખાવાને માંસ; સુવાને સ્ત્રી, મસાણનો વાસ; લાખ લાખ દાસી સેવાને, મદ્ય, ભાંગ પીવાને, ભીક્ષાનું ભોજન, અને

ચર્મનું આસન; લંકાપલંકા, સપ્તદ્વિપ, નવખંડમાં ભ્રમણ; બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, પીર, પેગંબર, જોગી જતી, સતી, વીર, મહાવીર, હનુમાન, રાવણ, મહિરાવણ, આકાશ, પાતાળ, જ્યાં બાંધું ત્યાંજ રહે! જે જે કહું તે કરે! હમારી ભક્તિ, ગુરૂની શક્તિ; ઈશ્વરોવાચ મંત્ર બોલવાને; આણ પશુપતિનાથની! આણ કામાક્ષીની! આણ ગોરખનાથની!

રાજા—મહારાજ, પ્રણામ!

ભૈ.નં—રાજા! વિષ્ણુ અને બ્રહ્મા તપ કરતાં કરતાં થાકી ગયા, પણ સિદ્ધિ તો મદ્ય અને સ્ત્રીમાંજ છે; એ મહાદેવજીએજ જાણ્યું છે. તે સર્વ કાપાલિકોના પરમ કુલ ગુરૂ **શિવ** તારૂં કલ્યાણ કરે!

રાજા—મહારાજ! આસનપર બિરાજો.

ભૈ.નં—અમો રમતા ભમતા લોકોને બેસવાનું શું કામ? તથાપિ તારી ખાતર બેસીએ છીએ. (બેસીને) બોલ! શું બતાવું?

રાજા—મહારાજ! કંઈ આશ્ચર્ય બતાવો.

ભૈ.નં—શું આશ્ચર્ય બતાવું ?

ચોપાયા.

સૂરજ બાંધુ, ચંદર બાંધુ, બાંધુ અગન પતાલ,
શેશ, સમુંદર, ઈંદર બાંધુ, વળિ બાંધુ જમકાલ,
જક્ષ, અસુર, સુર કેરી કન્યા, બલથી લાવું બાંધી,
ઈંદ્રરાજ ડોલાવું તો હું ખરો સિદ્ધ અનુરાગી. ૧૭

નહીં તો જોગટો પછી શું ?

રાજા—(વિદુષકના કાનમાં) મિત્ર, કોઇ સુંદર સ્ત્રિ દીઠી હોય તો બોલાવ.

વિદૂ—(યાદ કરીને) હા, દક્ષિણ દેશમાં વિદર્ભ નામે એક નગર છે, ત્યાં મેં એક અતિશય સુંદર તરૂણિ દીઠી હતી; તેને બોલાવો.

ભૈ.નં—બોલ! કેમ બોલાવી મંગાવું ?

રાજા—હા, મહારાજ; પૂર્ણમાસીનો ચંદ્ર પૃથ્વિ પર ઉતારો.

ભૈ.નં—(ધ્યાન કરે છે; અને નેપથ્યમાંથી એકદમ ખેંચાતી આવતી હોય તેમ એક સુંદર સ્ત્રી આવે છે.

અને સર્વે વિસ્મય પામે છે.)

રાજા— (સાશ્ચર્યતાથી) અહા!

વસંત તિલકા.

ભંડાર રૂપ ભરપૂર ખુલી ગયો કે,
કે માહરાં નયન આજ કૃતાર્થ થાયે,
આ દૃષ્ટિ, ભોળપણ ના વરણાય લેશ,
નાહી સુકાવતિ હતિ પ્રમદા સુકેશ. ૧૮
ત્યાંથી બિચારિ પકડી સિદ્ધના પ્રતાપ,
આ ભોળિ ભામિનિ અહીં ઉભિ આવી આપ,
છે ધન્ય! ધન્ય! રૂપ સુંદર બાલિકાનું,
દૃષ્ટિ મૃદુ હૃદય મારૂં હરંતિ છાનું. ૧૯

વળિ, આ સમયની એની સહજ શોભા કેવી થઇ રહી છે!

વસંત તિલકા.

વસ્ત્રેથી પાણિ ટપકે ટપકે ચુવે છે,

ભાવિ વિયોગ થકી શું વસનો રૂવે છે ?
ધોવાયું અંજન મૃદુ નયનેથી શોભે,
ઝાઝા પ્રસંગ જલથી થઈ લાલ ઓપે. ૨૦
વેણી છુટેલિ કર કોમળમાં ગ્રહી છે,
છેડેથી બીંદુ જલના ટપકાં પડે છે,
જાણે પિયુષ શશિનું પિધું નાગણીએ,
ઈર્ષાથિ એ કમલ અમૃતને નિચોવે. ૨૧
ભીંજેલ વસ્ત્ર મહિંથી રમણીય નાનાં,
ઉંચા કઠોર··સ્તન સ્યામળ બાલિકાનાં,
પ્રત્યક્ષ દીસિ રહતાં શરમે તથાપિ,
બાહુ વડે છુપવવા કંઇ ચિત્ત ચા'તી ૨૨
તેવીજ જાનુ રમણીય સુગોરિ ગોરી,
ચોટેલ ચીર મહિંથી ઝલકે કિશોરી,
તેને ઘડી, ઘડિ છુપાવતિ તે બિચારી,
શું રમ્ય ભાવ સહજે ભરિ છે કુમારી ! ૨૩
અને વળિ,
વસ્ત્રાંચલેથિ ઉઘડી ગયું અંગ તેથી,

ભ્રાંતી અને શરમથી ચમકી રહેતી,
આ યોગથી અહિં અજાણથિ ખેંચિઆણી,
દૃષ્ટી સુ ચંચલ કરે ભય પ્રાપ્ત જાણી. ૨૪

સ્ત્રી—(ભ્રાંતિથી એકે એકે બધાં તરફ જુવે છે. અને પછી સ્વગત.)

આ પુરૂષ કોણ હશે ? એમનો દેહ કેવો ગંભીર છે? અને મધુર કાંતિનો તો જાણે ભંડારજ છે ! નિશ્ચય એ કોઈ મહારાજા છે. અરે ! પણ મહાદેવજીની પાસે બેઠેલી પાર્વતિના જેવી એમની પ્રિય, આ મહારાણી છે. અને આ કોઇ મહા યોગી છે. હો ! નહો ! પણ ખરે, આ બધી આ યોગીનીજ તદબીર છે. (વિ-ચાર કરીને) એક સ્ત્રી તો પાસે બેઠી છે તથાપિ એ મારી તરફ ઘેરી નજરથી કેમ જેયા કરે છે ! (રાજાની ભણી જુવે છે.)

રાજા— (વિદૂષકને કાનમાં) મિત્ર, મારા ભણી,

વશંત તિલકા.

જેયું સુ ચંચલ કટાક્ષયિ એકવાર,

કીધો પિયૂષ પિચકારિ તણો પ્રહાર,
કે કર્પુરે સરસ કીધિ શું મેઘ ધાર?
કે ચાંદની વરસિ કે ગજ મોતિહાર? ૨૫

વિદૂ—સત્ય છે. આહા હા હા! વાહરે એની છબિ! એની કમર તો એક છોકરૂં પણ પોતાની મુઠીમાં સમાવી શકે. વળિ, નેત્રની ચંચળતા જોઇને પુરૂષ તો શું પણ સ્ત્રીએ મોહ પામી જાય છે. જુવો! એણે નહાતી વખતે ઘરેણાં ઉતારી મુકયાં છે, તથાપિ કેવી સોહામણી દેખાય છે! ખરૂં જ છે; સ્વાભાવિક સુંદરતાને ઘરેણાં તો નિર્મળ જલમાં જેમ લીલ હોય તેવાં છે.

રાજા—

શિખરિણી.

કરે હાંસી રૂડી, છબિ મદુ છબી કુંદન તણી,
પડે કેવી એને, કશિ જરૂર આભૂષણ તણી;
કૃશાંગી દીપે શું, પણછ ઉતરી કામ ધનુની,
પડે ગોરે ગાલે, પ્રતિ છબિ રૂડી કર્ણ ફુલની. ૨૬

અહા શું ચાંદીની, મજીઠ ભરિ થાળી મંહી લસે,
શશીનું રૂપાળું, મધુર મધુરૂં બીંબ વિલસે;
જઈ પોંચે કાને, લલિત અણિ જો આંખડિ તણી,
પુરે જોરે ખેંચે, હૃદય મુજ પોતા તણિ ભણી. ૨૭

વિદૂ— (હસીને) જાણ્યું, જાણ્યું. હવે બહુ વખાણ ન કરો.

રાજા— (હસીને) મિત્ર, એમાં કંઇ પણ હું અસત્ય નથી કહેતો. એણે ઘરેણા નથી પહેર્યાં તથાપિ પોતાના ગુણથી ભૂષિત છે. એવી સુંદર સ્ત્રી ઉપર પુરૂષને આસકત કરવા કામદેવને પોતાનું ધનુષ્ય ચઢાવવું પડતું નથી. એની આંખોમાં મીઠાશ ભરી છે; તેની સાથે તેમાં સ્નેહપણ ઝબકારા મારે છે. વળિ,

ગીતિ.

નીલ કમલ વર કર્ણે, ઝુકી વિલાસે રહે દીસે કેવાં
જ્યમ શશિની બેબાજૂ, થકી ગળે છે કલંક શું તેવા. ૨૯

રાણી—અરે કંપિંજલ એને પુછો તો એ કોણ છે? નહીં તો લાવને હુંજ. પુછું છું (સ્ત્રીને) સુંદરી! આવો મારી પાસે બેસો અને તમે કોણ છો? તે કહો.

રાજા—આસન આપો.

વિદૂ—લો! આ મારો દુપટ્ટો બીછાવી દીધો. બિરાજો

(સ્ત્રી બેસે છે.)

વિદૂ—કહેવા માંડો હવે.

સ્ત્રી—કુંતલ દેશમાં વિદર્ભ નામે નગર છે ત્યાંનો પ્રજાને પ્રિય વલ્લભરાજ નામે રાજા છે.

રાણી—(સ્વગત) એતો મારા માસા થાય.

સ્ત્રી—એમની રાણીનું નામ શશિપ્રભા છે.

રાણી—(સ્વગત) મારી માસીનું નામ પણ એજ છે.

સ્ત્રી—(જરા હોઠમાં હસીને આંખ નીચી ઢાળી) હું તેમની દીકરી છું.

રાણી—(સ્વગત) સત્ય છે; શશિપ્રભાના શિવાય આવી સુંદર દીકરી કોની હોય! સીપ વિના મોતી ક્યાંથી પાકે! (પ્રગટ) ત્યારે શું કર્પૂરમંજરી તુંજ કે!

સ્ત્રી—(લાજ વડે માંથું નમાવી ચુપ રહે છે.)

રાણી—બેહેન આવ, આવ, મળીતો લઇએ.

(કર્પૂરમંજરીને ગળે વળગાડી મળે છે.)

કર્પૂરમંજરી—બેહેન, હું તમને આજ પેહેલવેહેલીજ મળું છું.

રાણી—ભૈરવાનંદજીની કૃપાથી આજે કર્પૂરમંજરીને મળવાથી અલભ્ય લાભ થયો. હવે એ પંદર દિવસ સુધી અહીં રહેશે અને પછી આપ યોગ બળાથી પાછી પ્હોંચાડી દેજો.

ભૈ.ન.—મહારાણીની જેવી ઇચ્છા.

વિદૂ—મિત્ર નકામાતો આપણે બેજણજ પડયા! કેમકે આ બેજણ તો બેહેનો નીકળી, ભૈરવાનંદજી એમને મેળવનાર ઠર્યા, આ સરસ્વતીની બીજી કુટણી પણ એક પ્રકારની રાણીજ ઠરી. હીસાબ વગરના આપણે બે.

રાણી—વિચક્ષણા! તારી મોટી બેહેન સુલક્ષણાને કહેકે ભૈરવાનંદજીની પૂજા કરી યથા યોગ્ય ઉતારો આપો.

વિચક્ષણા—જેવી આજ્ઞા!

રાણી—આર્ય! હવે અમે મહેલમાં જઈએ છીએ. હવે તો બેહેનને ઘરેણાં લુગડાં પેહેરાવું.

રાજા—એને શણગારવી, એતો જાણે ચંપાના થાળમાં કસ્તૂરી ભરવા જેવુ છે. સંધ્યાકાળ વટી છે એટલે

અમે પણ હવે જઈએ છીએ.

(નેપથ્યમાં બે વૈતાલિક ગાય છે.)

પ્રથમ વૈતાલિક.—

ગોડી.

સહજ સુખદ સાંજ ધીરિ આવે,
માણિક કંદુક સમ સૂરજ દ્યુતિ.
સંપુટ માંહ છુપાવે. સહજ ૩૦
નિરખિ નિરખિ થાકી જઈ કોમળ,
કમલ લતા અલસાવે. સહજ ૩૧
પંખીડાં નિજ માળે જાતાં,
મદન વધાઈ ગાવે. સહજ ૩૨

બીજોવે. —


પૂરવી.

દેખો દિન વિતી ગયો હે પ્યારા,
છાઇ રહી રાતલડી હો રામા. દેખો૦ ૩૩
પ્રગટયા દીપક, દીસે નભ તારા,

હાલે એકે પત્ર ન રામા. દેખો. ૩૪
મ્હેલે દાસી સેજ બિછાવે,
માનભરી થઈ રામા હો રામા. દેખો. ૩૫
કારજ . છોડી ઘેર વળે નર,
નારી ગળે જઇ વળગે હો રામા. દેખો. ૩૬

પ્રથમ અંક

સમાપ્ત.



બીજો અંક.

(રાજા અને પ્રતિહારી પ્રવેશ કરે છે.)

પ્રતિ— આમ, આમ, મહારાજ

રાજા— (થોડાંક ડગલાં ભરીને)

હરિગીત.

હાલી શકી કુચ ભારથી નહિં ભય વળી કંઈ ત્રાસથી,
કલ્લોલ બોલ ત્રિવલ્લિના, ગરદન સહજ રહિ વાંકડી;
મુખ કમલ હાથે વેણિ કંચુકીનું આલીંગન કરે,
રે ! હાય ! છબિ કેમળ મધુરી ક્યમ વિસારી વીસરે. ૩૭

પ્રતિ—(સ્વગત) હજુ લગીએ એની એ મોઈ અને એનો એ દાવ. ઠીક, હમણા એમનું ચિત્ત વસંત વર્ણનમાં લઈ જાઉં છું. (પ્રત્યક્ષ) મહારાજ આમ જુવો. કોકીલાના કંઠને ઉઘાડનાર, ભ્રમરોની ગુંજારમાં માધુર્યતા આપનાર, અને પંચ સ્વરથી વિહીઓનાં ચિત્તને ભમાવનાર, ચૈત્રના દિન હવે કંઇક મોટા થવા માંડયા.

રાજા—(સાંભળીને અનુરાગથી) તેથીજ લાવણ્ય જળ

વડે પૂરેલાં, અનેક વિલાસ હાસથી છાકેલાં, સુંદરતા માત્રને જીતનારાં, એનાં, નીલકમળશાં નેત્રને સંભારીને, શૃંગાર જગાડતાં, કામદેવે વિયોગીઓ ઉપર આ કઠિણ ધનુષ્ય કાનસુધી ખેંચી ચઢાવ્યું છે કની! (ગાંડાની માફક) હા! એ મૃગનયની તો ચિત્તમાં જ વસી છે; એના ગુણ નથી ભુલાતા; જાણે સેજ ઉપર સુતી છે; મારી સાથે સાથે ચાલે છે; મારી સાથે કાંઇ વાત કરે છે; અને કાવ્યથી જાણે મૂર્તિમાન પ્રગટ. થાય છે. હાય! જેણે એને નેત્ર ભરી જોઈ નથી તે જ્યારે વસંતના પંચમ ગાયનથી માથાં માર્યા ફરે છે, તો જેણે એને પૂર્ણ દૃષ્ટિથી નીહાળી હશે તેનીતો તિલાંજલીજ દેવી યોગ્ય છે; હા! દુધે ધોયેલી સફેદ આંખોમાં કાળી ભ્રમરજેવી કીકી કેવી શોભી રહી છે, જેમાંથી નીકળતી દૃષ્ટિની સાથેજ.કામદેવ ચિત્તમાં દાખલ થઈ જાય છે. (વિચાર કરીને) પ્યારા મિત્ર કેમ વાર લગાડી?

વિદૂ—વિચક્ષણા તું ખરું કહે છે?

વિચ— હા ! હા ! ખરૂં. વાહ! સાચું નહીં ત્યારે જુઠું?

વિદૂ— તું બડી ઠઠ્ઠાખોર છે. તેથી તારી વાતમાં વિશ્વાસ નથી પડતો.

વિચ— વાહ! હાંસીની જગાએ હાંસી થાય છે. કામ વખતે હાંસી કેવી.

વિદૂ— (રાજાને જોઇને) અહો! પ્યારા મિત્રતો અહીં-જ બેઠા છે.

દુહા.

હંસ રાજ વિણ માન સર, કરિમદ વિણ દિન દીપ;
હિમ મહિં કમલ સવારનો, પુરણ ચંદ્ર ઉદીપ. ૩૮
જ્યમ નિસ્તેજ દિસી રહે, ત્યમ નૃપ તેજ વિહીન;
મંદ કાંતિ પ્રિય મિત્ર છે. તન મન ક્ષીણ મલીન. ૩૯

(બે જણ પાસે જઇ) મહારાજનો જય જય કાર!

રાજા— મિત્ર! તને **વિચક્ષણા** ક્યાંથી મળી?

વિદૂ— મહારાજ! આજ **વિચક્ષણા** મારી જોડે દોસ્તી કરવા આવી હતી. તેની આ વાતોમાં તો આટલી વાર થઇ.

રાજા— આજ વિચક્ષણા કેમ તારી સાથે મૈત્રી કરશે?

વિદૂ— કેમકે આજતો એક મોટા પ્રિય મનુષ્યની પત્રી
હાથમાં લઇ આવી છે; તેમાં —

રાજા— ભલા આ કેવડો ક્યાંથી આવ્યો?

વિચ— કેવડાના પત્ર ઉપર એક ચીઠી લખી છે કની?

રાજા — વસંત ઋતુમાં કેવડો કયાંથી?

વિચ—ભૈરવાનંદજીએ પોતાના મંત્રના પ્રતાપથી મહારાણી
ના મહેલની સામે એક લાકડીનો કેવડાનો છોડ બ-
નાવી દીધો. મહારાણીએ પણ આજ હિંડોલન-
તંની ચતુર્થીનું પર્વ છે તેથી તે કેતકી પત્ર વડે
શ્રી શંકરનું પૂજન કર્યું. અને બે પત્ર પોતાની
નાની બ્હેન કર્પૂરમંજરીને આપ્યાં. એણે પણ એ-
ક પત્ર મંગળાગૌરીને ચઢાવ્યું અને બીજા પત્રનું
આ પરબીડીઉં વાળી આપને ભેટ મોકલ્યું છે. એ-
માં કસ્તૂરીના અક્ષરોથી છંદ લખ્યો છે.

(પત્ર રાજાને આપે છે.)

રાજા—.(ઉઘાડી વાંચે છે.)

દુહો.

કુંકુમ હંસ શું હંસિની, ઉલટિ ઉલટિ અથડાય;
ત્યમ તુજ શું કરિ સ્નેહ પ્રિય, રહિ પસતાઈ હાય! ૪૦

(વારંવાર વાંચીને.) અહા! આતો કામદેવના
રસાયન અક્ષર છે.

વિચ—મહારાજ! બીજો છંદ મારી પ્યારી સખીની દશાને,
મે રચી લખ્યો છે; તે પણ વાંચો.

રાજા—(વાંચે છે.)

દુહા.

વિરહ અનલથી છાતડી, બળિ બળિ બહુ પીડાય;
રાત દિવસ નિશ્વાસ અતિ, દુખદ વિયોગ જણાય. ૪૧
ભરે નયન આંસુ, ગરે કર ચૂડા તે સંગ;
પ્રિય વિયોગથી ભામિની, જીવન આશ થઈ ભંગ. ૪૨

વિચ—અને હવે મારી બ્હેને એની દશા વર્ણવી છે
તે વાંચો.

રાજા—(વાંચે છે.)

દુહા.

ઘડિ ઘડિ નિશ્વાસે અતી, થયા હારના તાર;
તન ચંદન લેપન તપે, વિરહ અનલ અંગાર. ૪૩
દિવસ ચંદ્ર સમતન ફિકું, નિશ દિન રૂદન કરંત;
મુખ પંકજ પુર પાંખડી, કદિ ન ઉમગિ વિલસંત. ૪૪

રાજા—(લાંબો નિશ્વાસ મુકીને) વાહ! વાહ! કવિતામાં તો એ તારી બ્હેનજ છે; એટલે કહેવું શું!

વિદૂ—મહારાજ! વિચક્ષણા પૃથ્વિની સરસ્વતી અને એની બ્હેન તો ત્રૈલોક્યની સરસ્વતી! એમાં શું પુછવું? બંદા પણ પોતાના મિત્ર આગળ કંઇ બોલવા ઇચ્છા કરે છે. તેને પણ સાંભળો.

ઠુમરી.

નજર પડી મૃગ નયનિ રસાળી;
ભુલ્યો ભોજન પાન. નજર પડી ૪૫
નિશદિન જીવ તલપે ચિત ચા'તાં;
ભુલ્યો વિરહથી ભાન. નજર પડી ૪૬

મલયા ચલની મરુત લહરી તન;

તાપે વિરહ કૃશાન. નજર પડી ૪૭

ચંદન લેપ ઉશિર રસ અંગે;

તપી જાએ દેહ નિદાન. નજર પડી ૪૮

હાર થયા અસિધાર સમા ક્રુર;

શશિતન તાપે સુરજ સમાન. નજર પડી ૪૯

સુખ મય તે સહુ દૂખમય દીસે;

મંદ પડે પ્રિય પ્રાણ. નજર પડી ૫૦

રાજા—પ્રાણભંગ નહીં થાય. થોડી વારમાં તારા પ્રાણને લાડુ આપી જીવાડીશું. પણ હવે કહે કે રણુવાસમાં પછી શું શું થયું ?

વિદૂ—કહેને શું શું થયું તે !

વિચ—મહારાજ ! સ્નાન કરાવ્યું; વસ્ત્ર પહેરાવી, તિલક કર્યું; ઘરેણાં પહેરાવી એનું મનરંજન કર્યું.

રાજા—શી રીતે શણગારી ?

(ધીર સમીરે. એ રાહ, ગુર્જરી. ધનાશ્રી અથવા બિરહ બારમાસીમાં પણ ગવાશે.)

વિચ – ગોરે ગોરે અંગે, કુંકુમ રંગે, ન્હવરાવી નવ કામા;
રાજા—જ્યમ કાંચન, મનરંજન થાયે, તાપે તપી ત્યમ રામા.
ગોરે. ૫૧

વિચ—લીલમ હાર બહાર કર્યો ઉર, કુચ વચમાં ઝણકાર કરે;
રાજા—કમલ કલીજુગ નવલીનો રસ, ઘેરી અલી જયમ પાન કરે.
ગોરે. ૫૨

વિચ—ચંચળ ચારૂ ચીર ધરાવ્યું, જાનુ પરે જઇ ચોંટિ રહે;
રાજા—કદલી દલ જ્યમ સ્તંભ પરે નિજ, અતિ કોમળ લપટાઇ રહે. ગોરે. ૫૩

વિચ—કટિતટ પાતળિયે પહેરાવી, કિંકિણિરવ મૃદુ શોર કરે;
રાજા—જ્યમ શૃંગારે મંડપ દ્વારે, વંદનમાલા બાંધિ ધરે.
ગોરે ૫૪

વિચ— કોમળ કંકણુ મૃદુ કર ગોરે, સ્યામળ ચારૂ ચૂડી ધરી;
રાજા—તે જ્યમ નાગણુ બાલક લપટે, ચંદન શાખા પ્રેમ ધરી.
ગોરે ૫૫

વિચ-ચોળી અંચન નિજ કર બાંધ્યો, કસિ કસિ લસના કમબરી;

રાજા—જેમ કોઇ વીર, વડો રણધીર, ખેંચે તીર સુહામ ધરી.

ગોરે. ૫૬

વિચ—લાલ રંગની કંચુકીમાંહ્યા, કુચ યુગ જોબન પૂર ઝલે;
રાજા—માણિક્યના સંપુટ ચિત ચોરી કાજ ગોરે ગોરે શરિર ખિલે.

ગોરે. ૫૭

વિચ—મોતીમાલા, પરમ રસાલા, રસ ભર બાલા કંઠ દિપે;
રાજા—નભ મંડલમાં, તારામંડલ, આવિ મળે શશિ, પતિ સમિપે

ગોરે. ૫૮

વિચ—કર્ણફૂલે જુગ, કર્ણે શોભે, ઝલકે અતીસ પ્રકાશે;
રાજા—શશિનિજ પાસ, કુમુદની જુગ લઇ, ઉતર્યો અવનીવિલાસે.

ગોરે. ૫૯

વિચ—બાળીને જુગ કર્ણ રસાળી, ફુલવાળી લટકાળી ધરે;
રાજા—પિયુષ નિધીથી, પિયુષ ઝરે બે, પાસ મકર મિઠું પાનકરે.

ગોરે. ૬૦

વિચ—મન રંજન ખંજન સમ નયને, અંજન આંજ્યું ભાવે

રાજા—મદન મહીપતિ મોહ ધરી મન, બાણ કમાન ચઢાવે.
ગોરે. ૬૧

વિચ—સીંદુર સાર્યું સીધે સીમંતે, કેશ અંબોડો ગુંથિ દીપે;
રાજા—જેમ શ્રૃંગાર સમસ્ત એકત્ર, થયો શિર કેશ સ્વરૂપે.
ગોરે. ૬૨

વિચ—અત્તરનો ભભકાર મનોહર, સુંદર સાળુડે બહેકે;
રાજા—રવિ શશિ કારણ લપટિ અતિ કોમળ, કુસુમ લતાને લહેકે.
ગોરે. ૬૩

વિચ—ભૂષણ વસન અનૂપમ ભૂષિત, ભામિનિને શણગારી;
રાજા—કામ પ્રમદવન ખિલિ ખિલિ ઉઠયું, જેમ વસંત લહી પ્યારી.
ગોરે. ૬૪

વિદૂ—મહારાજ ! હું પણ સત્યજ કહું છું કે,
દ્દગ કાજળ વળિ હૃદય મણીમય, હારથકી સરસાવે;
કંચન કીંકિણિ કામ ભરી અતિ, જાનુ સુભગ સોહાવે.
ગોરે. ૬૫

રાજા—(વિદૂષકની વાતનો અનાદર બતાવે છે.)

વિદૂ—વાહ ! મેં તો ઘરેણાનું વર્ણન કર્યું. છટ !

"પગ ન્હોવા આ નયન છે ભૂષણ પાયંદાજ. ,'

અને તમે તો તેની નિંદા કરોછો. કારણ,

દુહો.

સુંદરતા ભરી સુંદરિ, ભૂષણ વીણ દિપે ન;
ફુલ વિના ચંપક લતા, ચિત નહિં રંચ રૂચે ન. ૬૬

રાજા—(હસિને) મૂઢ !

વિણ ભૂષણ સુંદરિ હરે, ચિત કરિ ભાવ અમાપ;
દ્રાક્ષ મધુરમાં નહિં ઘટે, સાકર મધુર મિલાપ. ૬૭

વિચ—મહારાજ ! ખરૂંજ કહો છો.

હરિગીત.

કર્ણાવલંબી નેત્રને, અંજન તણી દરકારશી?
મુખ ચંદ્રની નિંદા કરે, તેને તિલક દરકારશી?
રૂપના દરિઆવને, શણગારની દરકારશી?
કો પિળિ ચમેલીની કરે, શણગારની દરકારશી? ૬૮

પણ ઘરેણાં પહેરાવવાં એ તો કેવળ લોક ચાલ છે.

રાજા—કપિંજલ, સાંભળ! ઘરેણાં લુગડાં તો નાચનારીઓના શણગાર છે. રૂપ તો એનુંજ નામ કે સહજ ચિત્ત ચોરે. સ્ત્રીની શોભા તો સ્વભાવ છે, અને ગુણજ ભૂષણ છે. રસિક પુરૂષ તો કદાપણુ ઉપરની ટાપટીપ જોતાજ નથી.

વિચ—મહારાજ! રાણીના હુકમથી હું કંઇ એની એકલી સેવાજ કરતી નથી, પરંતુ મ્હારાપર કર્પૂરમંજરીએ વિશ્વાસ મુકયો છે. અને તેથી હું એને બેહદ ચાહું છું; માટે આપને કહું છું કે એ બેશક વિહ્વલી અતિશય દુઃખી છે કેમકે,

દુહા.

મદન જ્વાલ હૈયે બળે, હાથ મુકયો નવ જાય;
શશી કિરણથી છુપિ છુપી, વીતે નિત્ય નિશાય. ૬૯

હું તો એટલુંજ કહીને જાઉં છું. બાકીનું સર્વ કપિંજલ કહેશે.

(એમ કહી જાય છે.)

રાજા— મિત્ર! હવે શું કામ કરવાનું છે?

વિદૂ—આજ, હિંડોલ ચતુર્થીનો દિવસ છે તેથી રાણી અને કર્પૂરમંજરી હિંદોલે ઝુલવા આવશે; માટે મહારાજ આ કેળની લતામાં સંતાઇને જુવો, એજ કામ છે. (કંઈ વિચાર કરીને) મહારાણી બડી ચતુર છે. પણ મેં એમને કેવાં છેતર્યાં. બુઢ્ઢી બિલાડીને પણ દૂધને બદલે મઠો પાઇ દીધો.

રાજા — મિત્ર તારા શિવાય જીવ લગાડીને મારૂ કામ કોણ કરે? સમુદ્રમાં ચંદ્રમા શિવાય કોણ ભરતી ચઢાવે છે!

(બન્ને જણ કેળનાં ઝાડની કુંજમાં જાય છે.)

વિદૂ — મિત્ર? આ ઉંચા ચોતરા ઉપર બેસો.

રાજા — ઠીક. (બે જણ બેસે છે.)

વિદૂ—કહો પુર્ણીમાનો ચંદ્ર દેખાયો હવે? (હાથ લાંબો કરી બતાવે છે.)

રાજા— (જોઈને) આતો ખરેખર પ્રિયાનો મુખચંદ્રજ દેખાયો.

વસંતતિલકા.

નારી લજાઈ ગઈને નભ ચંદ્ર મંદ,
સંકોચ પામિ ધુતિ પદ્મ કુમૂદ મંદ;
ઝૂલે ઝકોર પટ અંચળ ફર્રે તે,
ઘંટાળિનો રવ થતો મુજ ચિત્ત ચોરે. ૭૦

વિદૂ—આપતો સૂત્રકાર તેથી આપે બહુ થોડામાં વર્ણન કર્યું હવે હમે ભાષ્યકાર તેનું વિસ્તારથી વર્ણન કરીએ છીએ.

કવિત.

ફુલી ફુલવેલી સમ રૂપ અલબેલી નવ,
વેલી શી ઝુલેછે કામકેલી સમ છાજતી;
પગ ઠમકારે ઝાંઝરને ઝમકારે,
કીંકણીને રણકારે સોર ઠમક ગજાવતી;
ઉન્નત ઉરોજ હાલે છે હમેલ હારલંક
લચકથી ચારગણી ચાહના ચઢાવતી;
રતિ વિપરીતની પુનીત પરિ પાટી હોંસ,

ધારીને હીંદોલતણી પાટીમાં મચાવતી. ૭૧
ગાઇશ મલ્હાર વળિ લાવીશ હૈયામાં છબિ,
કરીશ કલોલ કુંજ કુંજ તણી કોરમાં;
પાઇશ પયાલો મુખે સુખ મેળવીશ આપ,
રસ સરસાવીશ સુગંધની ઝકોરમાં;
સ્નેહ સરસાવીને શિખાવિશ હું કામ મંત્ર,
લપટિ લપટિ સુખ કામની ટકોરમાં;
ઉમગી આનંદ મેળવીશ છાતી સાથ છાતી,
પ્યારીને ઝુલાવીશ હિંદોળની હલોરમાં. ૭૨
હસી હસી ચઢે છે કંઈક હીંદોળા ઉપર,
પદનાં નુપુર છે ઠમક ઠમકારમાં;
ઉડેછે દુકૂલ ઉઘડે છે ભૂજ મૂલ,
ને ઉડે છે ખસ ફૂલનો સુગંધ ભભકારમાં;
દેખિ દેખિ સુંદર સ્વરૂપ અનિમેશનેન,
રીઝે મન મુખ મુકુરની ઝલકારમાં;
જેમ જેમ લચે લલનાની લટકાળી લંક,
લાલ ધરે મુખ આંગળી દુઃખ અપારમાં. ૭૩

સાલ છે હૈયામાં પ્રાણ પ્યારાનું વિરહમૂલ,
ફુલેલા ઉમંગ ભરી ઝુલે છે હિંદોળાપર;
ગાય છે, રીઝાવે છે, હસાવે છે, સરવ સખિ,
ચારગણી ચાહના છે જલ જંત્ર ધારાપર;
વારી વારી જાઉં પ્રાણ, હાસ્યને કટાક્ષપર,
વળિ મુખ પાન કજ્જલિત દૃગન્યારાપર;
ઝાડ તણા ઝુંડમાંહી ભમણી જુવોને શોભા,
કેવી ચારૂ સુંદડી ચમક મુખ ગોરાપર. ૭૪

ભુલે ન ભુલાવી ચિત ચોર ઝુલાની ઝકોર,
ગોરે ગોરે મુખ લાલી સહજ પસારી જાય;
ફહરી ઉઠે છે ચારૂ ચંચલ પટંચલ,
દૃગંચલની ચારૂતા ન ચિત્તમાં વિસારી જાય;
પીન પયોધરની પટંચલથી પૂર્ણ છબિ,
પલક ઉઘાડી દીસે પલક છપાઇ જાય;
પવન ઝકોર લેવા દોર ખેંચી સોર કરે,
મુખ કરે જોર કટિલંક લચકાઇ જાય. ૭૫

રાજા—હાય ! હાય ! કર્પૂરમંજરી હિંદોળા ઉપરથી કે-મ ઉતરી પડી ! હિંદોળો ખાલી થયો ? મારાં મનની સાથે જોનારનાં નેત્ર પણ ખાલી થયાં ?

વિદૂ—શું ! વિજળીની પેઠે ઝબકારો કરી લોપ થઈ ગઇ !

રાજા—નહિં, નહિં. કાંઇક કપટરૂપ દેખા દીધી, અને પછી ગુમ થઈ ગઈ ! (સ્મરણ કરીને)

સવૈયા.

ગૌરવ અંગ ઉમંગ ભર્યું ચિત, અંગ અનંગનો મંત્ર જગાવ્યો;
કાજળ રેખ લસે દૃગ આછિ, સુભ્રૂવ કમાન લઈ સ્મરઆવ્યો;
તે મૃદુ બોલિ છબીરસ ડોલિ, સુગોટ થકી ચિત મોહ ચઢાવ્યો;
સુંદર રૂપ વસ્યું મુજ નૈન, નહિં ભુલું એક ઘડી હું ભુલાવ્યો. ૭૬

વિદૂ—આ પન્નાની લતામાં બેસો, વાટ જુવો. હવે સાંજ પણ પડવા આવી છે.

(બે જણ બેસે છે.)

રાજા—મિત્ર ! હવે તો એનો વિરહ બહુ સંતાપ કરે છે.

વિદૂ—ત્યારે આ મારી લાકડી ઝાલી થોડીક વાર બેસો એટલામાં હું ઠંડાઈ લઇ આવું.

(જરાક આગળ જઇને)

વાહ વાહ, વાહ વાહ; વિચક્ષણા અહીંજ આવતી જણાય છે.

રાજા—જેમ જેમ સંકેતનો સમય પાસે આવતો જાય છે તેમ તેમ ઉત્કંઠા કેવી વધતી જાય છે !

(લાંબો નિસાસો મુકીને)

દુહો.

શશિસમ મુખ દૃગ કુમુદસમ, કરપદ કમલ સમાન;
ચંપક સમ તન તદપિ ચિત, બાળે જેમ કૃશાન. ૭૭

વિદૂ—અહા ! વિચક્ષણાતો ઠંડાઇ લઇનેજ આવે છે ને !

(વિચક્ષણા આવે છે.)

વિચ—અરેરે ! મારી વાહાલી સખીને વિરહનો તાપ બહુ સતાવે છે !

વિદૂ—(પાસે જઇને) આ શું છે તારી પાસે !

વિચ—ઠંડાઈ.

વિદૂ—કોને વાસ્તે છે ?

વિચ—પ્યારી સખીને માટે.

વિદૂ—ત્યારે એમાંથી અડધી મને આપ.

વિચ—કેમ વારૂં ?

વિદૂ—મહારાજને માટે.

વિચ—કારણ ?

વિદૂ—"કર્પૂરમંજરીને માટે." શું કારણ ?

વિચ—મહારાજ સાથેનો વિયોગ નથી જાણતા ?

વિદૂ—કર્પૂરમંજરી સાથેનો વિયોગ તું નથી જાણતી ?

(બન્ને જણ હસે છે.)

વિચ—ત્યારે મહારાજ ક્યાં છે ?

વિદૂ—તારા ફરમાવ્યા પ્રમાણે પન્નાના કુંજમાં.

વિચ—ત્યારે તમે પણ ત્યાં જઇ બેસો. થોડીકવારમાં ઠંડાઇને બદલે દર્શનથીજ બન્નેને શિતળતા થઈ જશે.

વિદૂ—જા, ત્યારે ત્યાંજા. એમને એમ પાછી ન ફરીશ.

(વિચક્ષણાને ધકેલે છે.)

(બે જણ અરસ પરસ ધક્કા મુક્કી કરે છે.)

વિચ—છોડ, છોડ, રાણીના હુકમ પ્રમાણે કર્પૂરમંજરી આવતી હશે.

વિદૂ—રાણીની શી આજ્ઞા છે ?

વિચ—મહારાણીએ ત્રણ છોડ ઉછેર્યા છે.

વિદૂ—શાના, શાના ?

વિચ—કુરૂબક, તિલક. અને અશોકના.

વિદૂ—પછી ?

વિચ—મહારાણીએ એને કહ્યું છે કે સુંદર સ્ત્રીઓના આલીંગનથી કુરૂબક, તેમના જોવાથી તિલક, અને પદસ્પર્શ કરવાથી અશોક ફુલી ઉઠે છે; માટે તું જઇને એ સર્વ વિધિ હમણાં કર, તેથી કર્પૂરમંજરી આવતી હશે.

વિદૂ—ત્યારે તો પ્રિયમિત્રને જઈને આ તમાલનાં ઝાડની ઘટાના ઓથામાં બેસાડું.

(જઇને રાજાને તમાલના ઓથામાં બેસારે છે.)

વિદૂ—મિત્ર ! હવે નિરાંતે મનસમુદ્રનો ચંદ્રમા જુવો.

રાજા—(જુવે છે.)

(કર્પૂરમંજરી શણગારેલી આવે છે.)

કર્પૂ—ક્યાં છે વિચક્ષણા ?

વિચ—(પાસે આવીને) સખિ ! રાણીની ઈચ્છાબર લાવો.

રાજા—મિત્ર ! શાની આજ્ઞા ?

વિદૂ—એમ અધીરા ન થાઓ. શું થાય છે તે બેઠા બેઠા જોયા કરો.

વિચ—આ કુરૂબકનો છોડ.

કર્પૂ—(આલીગંન કરે છે.)

વિચ—આલીંગન કરતાં વાંતજ, પ્રિય સખિના કોમળ હસ્ત સ્પર્શથી કુરૂબકનો છોડ આનંદથી ફુલી ગયો.

વિદૂ—મિત્ર ! કેવી અદ્‌ભૂત ઈંદ્રજાળ છે કે નાનો સરખો પણ કુરૂબકનો છોડ એકદમ ફુલી ઉઠયો. સત્ય છે! દોહદમાં એવો વિચિત્ર ગુણ રહેલો છે.

વિચ—સખિ આ તિલકનો છોડ.

કર્પૂ—(નિહાળીને છોડ તરફ જોઇ રહે છે.)

રાજા — **દુહો.**

કાજળ ભીની કામનિધિ, વાંકી નજર ખચીત:
બર મંજરિ જાણે થયું, તિલક તરૂ પુલકીત. ૭૮

વિચ—સખિ ! હવે આ અશોકની કયારી છે.

કર્પૂ—(અશોકને લાત મારે છે.)

રાજા— **દુહો.**

નૂપુર યુત પદ કમલના, સ્પર્શ થતાંજ અશોક;

ફુલ્યો તજી સહુ શોક નિજ, પ્રગટ કુસુમના થોક. ૭૯

વિદૂ—મિત્ર, મહારાણીએ આ દોહદ પોતેજ કેમ ન કર્યું તેનું કારણ આપ કંઇ કહિ શકો છો ?

રાજા—તું જાણે.

વિદૂ—હું કહું, જો આપ ગુસ્સે ન થાઓ તો.

રાજા—એમાં ગુસ્સે થવાનું શું કામ છે. જે મનમાં આવે તે નિસ્સંદેહ કહી નાંખ.

વિદ—

દુહો.

યદપિ ત્યાં છે રૂપ ગુણ, સુંદર મુખ તન કેશ;

પણ અહિં જોબન નૃપતિનો, મહિમા મળ્યો વિશેષ. ૮૦

રાજા—યદ્યપિ અહિં જોબન નવલ, મુગ્ધાપણુ વ્યવહાર;
પણ ત્યાં પ્રકટ અતી દિસે, રસ ચતુરાઈ અપાર. ૮૧

વિદૂ— સત્ય છે. ચતુરાઈ અને જવાનીની વચે બહુ અંતરછે.

(નેપથ્યમાં વૈતાલિક ગાય છે.)

કાફી.

ધીરી સલૂણી સ્યામરે, મનરંજની આવે. ટેક.
ભવન ભવન જ્યોતી દીપક દરસે,
કુમુદ કુમુદ દલ પ્રફુલિત હરસે;
નિકટ નિશા અભિરામરે, દુઃખભંજની આવે. ધીરી. ૮૨
મંદ મંદ ચંદ્ર ઉંચો ચડે છે,
ધીમે ધીમે નભ તારા ઉગે છે;
મુકાવે માનુની માનરે, ગર્વ ગંજની આવે. ધીરી. ૮૩
સુંદરી સેજ સજે છે સુંદર,
પરમ ચતુર પ્રિય પ્રીતની અંદર;
અંગો અંગે ફુલે કામરે, મન રંજનીઆવે. ધીરી. ૮૪

લહકી લહકી લે'રી પવનની આવે,
વન ઉપવન ફુલ ફુલી એહેકાવે;
ગાઇ વધાઇ – કામરે, નારી નેહ બતાવે. ધીરી. ૮૫

રાજા—મિત્ર ! જો. સાંજ પડી.


વિદૂ—તેમાંજ બંદીજનોએ સાંજનું ગીત ગાયું કની.

કર્પૂ—સખી ! અંધારૂં થવા માંડયું. હવે ચાલો.

વિચ—હા, હવે તો જઇએ.

દ્વિતીય અંક

સમાપ્ત.



ત્રીજો અંક.

(રાજા અને વિદૂષકનો પ્રવેશ થાય છે.)

રાજા—(સ્મરણ કરીને)

જંગલો— તાલ દાદરો.

બાંકી છબી કયમ ભૂલે પ્યારી,
નવલ શશિ લજવાઇ ગયોરે. બાંકી છબી. ૮૬
ચંપક કલિ નવ રંગ ભરેલી,
કેસર રંગ કરમાઇ ગયો રે. બાંકી છબી. ૮૭
હીરા માણક મોતી માલા,
કંઠ બહાર છવાઇ ગયો રે. બાંકી છબી. ૮૮
નેહ ભરી આંખડી અણિયાળી,
ખટકો જીવ ખટકાઇ ગયો રે. બાંકી છબી. ૮૯

વિદૂ—મિત્ર, સ્રોભિત મનુષ્યની પેઠે મિથ્યા પ્રલાપ શું કરો છો.

રાજા—સ્વપ્નામાં મેં આજ એવુંજ મનુષ્યરત્ન દીઠું છે.

વિદૂ—કેવું ?

રાજા—

ઠુમરી.

કમલ વદની કલ હંસ ગમની,
બાંકી છબી મન હરી ગઈ રે. કમલ. ૯૦
સેજલડીની આવી સમીપે,
કામણ કાંઈ કરી ગઈ રે. કમલ. ૯૧
કમલ લઇ કરમાં ઘુમાવે,
તનડે તાપ ધરી ગઈ રે. કમલ. ૯૨
અંચલ ચંચલ મેં કર લીધો,
શરમાઇ ઝટ ફરી ગઈ રે. કમલ. ૯૩
નેહ ભરેલાં નયન નચાવી,
કંઇ કંઇ ભાવ ભરી ગઈ રે. કમલ. ૯૪
પણ રસ રંગે રમતાં સ્વપ્ને,
નેનથી નિદ્રા પરી ગઈ રે. કમલ. ૯૫

વિદૂ—(સ્વગત) ત્યારે આપણે પણ કંઈક કહીયે. (પ્રકાશ) મિત્ર, આજ તો મને પણ એક સ્વપ્ન આવ્યું છે.

રાજા—હા, મિત્ર, કહે, કહે.

વિદૂ—હમે એક દીવસ દેવગંગાની ધારામાં સુતા હતા.

ત્યાં સુતાં સુતાં મહાદેવજીના મસ્તકમાં રમનારી નદીમાં ઘસડાઇ ગયા. પછી શરદ ૠતુના મેઘે આપણને પેટ ભરીને પીધા. એટલે હમે તો પવનના ઘોડા ઉપર ચઢી આકાશની સ્હેલ કરવા મંડયા.

રાજા—(આશ્ચર્ય) હાં, પછી ?

વિદૂ—પછી તે મેઘમાં ગુબ્બારાની માફક બેઠા બેઠા તામ્રપર્ણી નદીમાં જઇ પહોચ્યા. ત્યારે પછી સૂર્યનારાયણ જ્યારે ચિત્રા નક્ષત્રમાં ગયા ત્યારે સમુદ્ર ઉપર જઇને મેઘ મોટા મોટા છાંટાથી વરસવા મંડયો, અને તે સાથે સીપના પેટમાં જઇ ચઢયા. એના પેટમાં જતાંજ એક મોટું છ માસા તોલનું મોતી બની ગયા.

રાજા— (આશ્ચર્યથી) હાં, પછી, પછી ?

વિદૂ—પછી તો સમુદ્રની લહેરીઓ સાથે ટક્કર લેવા માંડીજ તો. એમ હજારો સીપોમાં ઘુમતાં ઘુમતાં આખરે ઘસી ઘસાઇને ખાસું ગોળ મટોળ મોતી બની ગયા. પણ પૂર્વ જન્મનું જ્ઞાન જેમને તેમ રહયું.

રાજા—(આશ્ચર્યથી) પછી શું થયું ?

વિદૂ—પછી જ્યારે તે સીપ સમુદ્રની બહાર કાઢી ચીરી નાખવામાં આવી કે આપણે તો મોતીના દાણા રૂપે ગરી પડયા, અને એક શેઠને ઘેર લાખ મોહોર માટે વેચાયા. પછી તેણે તો બીજાં મોતીઓ સાથે અમને પણ વિંધ્યા એટલે મહા .દુઃખ થયું.

રાજા—(આશ્ચર્યથી) પછી ? પછી ?

વિદૂ—પછી તે શેઠે દસ દસ મોતીના દાણા વચ્ચે અમને પરોવ્યા એટલે તો કંઈ કરોડો મોહોર અમારૂં મૂલ થયું. પછી થોડેક દિવસે તે **સા**ગરદત્ત વેપારીએ કનોજ નગરના રાજા **વ**જ્રાયુધને ત્યાં વેચી નાખ્યું.

રાજા—(ગભરાઈને) પછી શું થયું ?

વિદૂ—પછી થોડાક દિવસ એની સુંદર રાણીના ગળામાં બડી મઝાથી હીંચકા ખાયા કર્યા. પણ એક દીવસ રાજાએ રાણીને અતિશય જોરથી આલીંગન કર્યું, એટલે એના કંકણ રત્નના ધક્કાથી એવા તો બચડાઇ બુમ પાડી ઉઠયા કે આંખ ઉઘડી ગઈ.

રાજા—(હસે છે.) સમજ્યો હવે હું. તું મારૂં. ટોળ કરેછે.

વિદૂ—ટોળ નહીં. ખરૂં કહીએ છીએ. . રાજપદથી ભૃષ્ટ થયેલા રાજાને, કુટુંબી જનોમાં ફસી પડેલી બાળ વિધવાને, ભુખ્યા ગરીબ બ્રાહ્મણને, અને વિરહ વિહ્‌વળ મનુષ્યને મનના લાડુથીજ ભુખ ભાગવાની છે. પણ મિત્ર ! એટલું તો કહો કે આ બધું કોના પ્રતાપથી થાય છે ?

રાજા—પ્રેમના.

વિદૂ—ભલા, રાણીની સાથે આટલો બધો સ્નેહ છતાં આટલો બધો પ્રેમ કર્પૂરમંજરી ઉપર. કેમ ? વળી રાણી રૂપ ગુણ વિગેરેમાં કોનાથી ઉતરે છે ?

રાજા—એમ તો ન કહેવું. કોઈ કોઈ મનુષ્ય વચ્ચે પ્રેમની ગાંઠ એવી તો સજ્જડ બંધાઇ જાય છે કે તેમાં રૂપ કારણ હોતું નથી. એવા પ્રેમમાં રૂપ અથવા ગુણ તો કેવળ નિંદકોનું મ્હો બંધ. કરવાનેજ કામનાં છે.

વિદૂ—ત્યારે આપના મતમા પ્રેમ કોને કહે છે?

રાજા—નવ યૌવન પામેલાં સ્ત્રી પુરૂષોના પરસ્પર અનેક મનોરથોથી ઉત્પન્ન સહજ ચિત્તનો વિકાર તે પ્રેમ.

વિદૂ—ત્યારે એ પ્રેમમાં ગુણ શો રહયો છે ?

રાજા—પરસ્પર સહજ સ્નેહાનુરાગથી ઉમંગનું વધવું; અનેક રસનો અનુભવ, સંયોગનું પરમ સુખ; સાહિત્ય, સંગીત આદિ અનેક સુખ સામગ્રીનું દીપી રહેવું, અને સ્વર્ગનો પૃથ્વી ઉપર અનુભવ કરવો. આ સર્વગુણ પ્રેમમાં રહેલા છે.

વિદૂ—એ પ્રેમ શીરીતે પરખાય ?

રાજા—સ્નેહ ભરેલી સ્થીર દ્રષ્ટી વડે જેવાથી, બીજાની નજર બચાવી વારંવાર જેવાની ચંચલતાથી, શરીરના સહજ વિકારોથી અને મુખાકૃતી ઉપરથીજ મનુષ્યનો પ્રેમ તરત જણાઇ આવે છે.

વિદૂ—મારા જાણવા પ્રમાણે તો ચિત્તમાં વિહારનો જે ઉત્સાહ થાય છે તેનું નામ પ્રેમ.

વસંતતિલકા.

જો કેન રૂપ કંઇ પ્રેમનું આંખ આવે,

પ્રત્યક્ષ તે મનુષ્ય માંહિ જણાઇ આવે,
શું છે જરૂર કંઈ ભૂષણ દ્રવ્ય માલ,
જ્યાં સ્થીર પ્રેમરૂપ મન્મથ ઇંદ્રજાલ. ૯૬

રાજા— (હસીને) તેને તો આભૂષણ કે દ્રવ્ય, માલની શી પડી છે!

દુહા.

કાં આભૂષણ કાં વસન, કાં અનેક શૃંગાર;
ત્રિય તન તે કંઇ ઓરછે, મોહે સહુ સંસાર. ૯૭
ખંજન મદમંજન કરણ, જન રંજન સુખ ધામ;
મદન બાણસમ નયનને, કશું અંજનનું કામ. ૯૮
પ્રેમ પંથમાં ધન કુલનિ, રહેન કંઇ મર્યાદ;
રાવ રંક સહુ એક છે, પિતાં પ્રેમ રસ સ્વાદ. ૯૯
ધનિક ભામિની ભાલમાં, દામણિ જ્યમ રાજંત;
ગ્રામ વાસિની મસ્તકે, કુંકુમ તિલક દિપંત. ૧૦૦
અણિયાળાં કપટી નયન, બહુ કામિનીને હોય;
પણ મનવશ જ્યાં થાય નહિ, લહે મર્મ નહિ કોય. ૧૦૧

વિદૂ—એ તો ઠીક; પરંતુ બાલ્યાવસ્થાના રૂપને અને જવાનીના રૂપને કંઇ સંબંધ રહેતો નથી એમ કેમ ?

રાજા—મારા જાણવા પ્રમાણે જન્મ આપનારો બ્રહ્મા જુદો છે, અને ઉન્નત કઠોર સ્તન ઉત્પન્ન કરનાર બ્રહ્મા જુદો છે.

વસંત તિલકા.

અંગો તમામ મૃદુ સુંદરતા ભરેલાં,
ઉંચાં ઉરોજ અણિદાર સુનેત્ર રૂડાં,
નીતંબ ગોળ કટિ પાતળિ શુભ્ર રંગ,
છે મુખ્ય એ સ્મર સહાયક પંચ અંગ. ૧૦૨

(નેપથ્યમાં)

હાય, હાય ! આ શીતળ ગૃહમાં પણ કર્પૂરમંજરી પસીનાથી તર થઈ જાય છે. પંખેઃ નાંખો.

સખિ કુરંગિકા ! આ શિતળ ઉપચાર તો મારાં કોમળ અંગો ઉલટાં કરમાવી દેશે.

દુહો.

કમલ નાલ વિષ જ્વાલ સમ, હાર ભાર અહિ ભોગ;
મલય પ્રલય જલ અનલ સમ, વાયુ આયુ હરરોગ. ૧૦૩

વિદૂ—સાંભળ્યું પ્રિય મિત્ર ? તો હવે એ અમૃતના પ્યાલાની વાટ ક્યાં સુધી જોયા કરશો?

વસંત તિલકા.

તાપે તપી કમલિની કરમાઇ જાય,
પાણી વિના સુકિ સુકેસર ક્યારિ થાય;
કુંકૂમની પુતળિ બાળક હાથ રાખે,
શૃંગે ફસે હરિણ ચંદન વૃક્ષ શાખે. ૧૦૪
આવી અનાડિ કર મોહન મોતિમાલા,
આવી ફસી વિરહ વિહ્વળ તેમ બાલા;
તાપે તપેછ તન તારૂણિનું મહાન,
આપો જઇ તુરત જીવન પ્રાણદાન. ૧૦૫

તમારૂં સ્વપ્ન તો સાચું પડયું કેની ? ચાલો મદન પતાકા ઉડાવો. મદનમંત્રના સ્વરોચ્ચાર સાથે સ્વેદ-

નો અભિષેક પણ કરો. ચાલો આ બારણે થઇને.

(ખડકી ભણી બન્ને જણ ચાલવા માંડે છે.)

(અંદરનો પડદો ઉઘડે છે. કર્પૂરમંજરી અને
કુરંગિકા બેઠેલી જણાય છે.)

કર્પૂ—(રાજાને જોઇ ગભરાઇને) આહા ? ?

વસંત તિલકા.

કાં ઊતરે નભ થકી શશિ પૂર્ણ છે શું ?
કે દેહ પ્રાપ્ત ફરિથી રતિકાંતનો શું ?
કે ચિત્ત ચોર છળ તે મુજ પાસ આવે,
જે માહરાં મન અને તનને રિઝાવે. ૧૦૬

સખિ ? આ કંઈ ઇંદ્રજાલ તો નથી ?

વિદૂ—(રાજાને બતાવીને) હા. ખરેખર, આ ઈંદ્રજાળ નો ખેલ છે.

કર્પૂ—(લાજવડે મસ્તક નીચું નમાવી જોઈ રહે છે.)

કુરં—સખિ ? મહારાજ આવી ઉભા રહયા છે અને તું આદર આપવા ઉઠતીયે નથી ?

કર્પૂ—(ઉઠવાનો યત્ન કરે છે.)

રાજા—ના, ના, પ્રિયા તારા કોમળ અંગોને દુઃખ શું કરવા આપે છે? બેશીજ રહે.

દુહા.

કુચ નિતંબના ભારથી, લચિ ન જાય કટિ છેક;
રહે રહે બેસી રહે, નહિં કર કાંઇ વિવેક. ૧૦૭

વિદૂ—અહહ ! કર્પૂરમંજરીને તો બહુજ પરસેવો થઈ ગયો છે. ચાલો, પંખો કરો એને. (પોતાના દુપટ્ટા વડે પંખો નાંખતો હોય તેમ કરી જાણી જોઈને દીવો હોલવી નાંખે છે.)

વાહ વાહ, વાહ વાહ ! બડી મઝા થઈ. દીવો ગુલ્લ પાઘડી ગેબ. મહારાજ ! જોજો, કંઇ અંધારૂં ન થાય.

રાજા—તો ચાલો આપણ સર્વ અગાસીમાં. આવ પ્યારી, મારો હાથ પકડીલે, અને ધીમીધીમી ચાલથી હંસને પણ લજાવ. (કર્પૂરમંજરીનો હાથ પકડે છે તેથી

સ્પર્શ સુખ બતાવતો હોય તેમ) અહા ! પ્યારી તારો સ્પર્શ થતાં વાંતજ મારૂં સર્વ અંગ કદંબવૃક્ષની પેઠેજ પ્રફુલ્લિત થઇ ગયું.

(સર્વે અગાસીમાં જવા માંડે છે.)

(નેપથ્યમાં વૈતાલિકો ગાય છે.)

પ્રથમ વૈતાલિક—

(" નાથ કેસે ગજકો ") એ રાહ.

નવ શશિ નભમાં ઉગે સુખ દાયક,
સંજોગિ જનનો સહાયક. નવશશિ. ૧૦૮
કુમ કુમ રંગથી રાજિત મુખ જ્યમ કામનિનું રુડિયાળું,
એવો મનહર જુવો ઉગે છે, જામનિ જુવતિનો
નાયક. નવ શશિ. ૧૦૯
લાલ લાલ રંગ રાચી પૂરવ, જગત લાલ લાલ દરસે,
તરૂણ જનોને કરૂણા કારક, વિરહિના ચિતનો
ધાયક. નવ શશિ. ૧૧૦
રજની પરેલી નિરખી ઉમંગી, ધનુષ ચઢાવી વાંકે,
કીરણ બિંબ તાકી તાકી જોને, મારે મદન રાજ
સાયક. નવ શશિ. ૧૧૧

તરૂ વર પત્ર વચ્ચેથી આવે ક્ષણુ ક્ષણુ ચાંદની મીઠી,
જાણે રસ શ્રૃંગારની હોયે, પુરે પુરી ખરી
વાયક. નવ શશિ. ૧૧૨
તારા ગણુ પ્રગટે નભ મંડળ, જેમ શશિ રાજ મુસાહબ,
સંજોગી તરૂણી મળી વિહરે છે, સૂખ રસિક જન
લાયક. નવ શશિ. ૧૧૩
નિર્મળ જળ પૂરિત સરવરમાં, કુમુદ ખીલી ઉઠે ચારૂ,
ગાયે રસભર પ્રેમ ભરેલી, મદન વધાઇ
ગાયક. નવ શશિ. ૧૧૪

(નેપથ્યમાં ચંદ્ર ઉગતો જણાય છે.)

વિદૂ—કનકચંદ્રનું ગાયન થઇ ચુક્યું. હવે માણિક્યચં-
દ્ર ગાય.

(નેપથ્યમાં બીજો વૈતાલિક ગાય છે.)

ખમાયચ.

(નજર આ ગયે બાલમ. એ રાહ.)

સુખ દાઈ સંજોગી રાતલડી. ટેક.
માનની માન મુકીને પ્રીતમ, સંગ કરે રસ વાતલડી.
સુખદાઇ. ૧૧૫

કોમલ સેજ તંબોળ કુસુમ મધુ, સજે સુખસાજ જન જાતલડી.
સુખદાઇ. ૧૧૬
કામી જન સંગ કામિની ખેલે, વળગિ છુટે નહીં છાતલડી.
સુખદાઇ. ૧૧૭

વિદૂ—

દુહો.

દિશા વધૂ ચન્દન તિલક, નભ સરવરનો હંસ;
કામ કંદ સમ નભ ઉગે, શશિ જો જગત પ્રશંસ. ૧૧૮

કુરં—

ચંદ્ર ઉદય નિરખી મદન, કાન સુધી ધનુ તાણિ;
જુવાન જન ચિતને જીતે, નિશિમાં નિજબલજાણિ. ૧૧૯

(કર્પૂરમંજરીને) સખિ ! હવે તારૂં રચેલું ચંદ્રનું વર્ણન કહી સંભળાવું છું.

કર્પૂ—(લજવાઈ જાય છે.)

દુહો.

શશિ સુંદરતાને, નહીં લાગે નજર નિશંક;

સ્યામળ ટપકા રૂપ કિધું, પૂર્ણ વિચારિ કલંક. ૧૨૦

રાજા—વાહ વાહ ? જેવો છંદ તેવીજ એને રચનારી. પછી એમાં પુછવું શું ? કોમળ મુખમાંથી જે અક્ષર નિકળે તે કોમળ કેમ ન હોય ?

પરંતુ,

દુહો.

કસ્તુરિ તિલક કલંકથી, પૂર્ણચંદ્ર છબિ ધારિ;
મુજ મન મલિન કુમૂદને, વિકસાવે સુ કુમારિ. ૧૨૧

(ચંદ્ર તરફ જોઈને)

દુહો.

હવે ગર્વ સહુ ચંદ્રતજ, લગિર ધર ન દિલમાંહિ;
ક્રોધ સ્મિત ભ્રૂભંગ છબિ, સ્વપ્ને નહિ તુજ માંહિ. ૧૨૨

(નેપથ્યમાં કોલાહલ થાય છે.)

રાજા—આ શી ગરબડ છે ?

કર્પૂ—(ભયથી) કુરંગિકા ! જોને, એ શું છે ?

(કુરંગિકા બહાર જોઈ આવે છે.)

વિદૂ—સર્વે વાત મહારાણીએ જાણી હોય એમ જણાય છે.

કુરં—હા, એમજ છે. મહારાણી આપણને પકડવાને અહીં આવે છે તેનોજ કોલાહલ જણાય છે.

કર્પૂ—(ભયથી) ત્યારે અમે આ સુરંગને રસ્તે મહેલમાં જતાં રહીએ, એટલે મહારાજની સાથે મને મહારાણી નહીં જોઇ શકે.

(સર્વે જવા માંડે છે.)

તૃતીય અંક

સમાપ્ત.

ચોથો અંક.

(રાજા અને વિદૂષકનો પ્રવેશ થાય છે.)

રાજા—અહા ? ગ્રીષ્મ ઋતુ પણ કેવી ભયાનક છે! આ ઋતુમાં બે વાતો અતિશય અસહ્ય થઇ નીવડે છે. એક તો દિવસનો ઉગ્ર તાપ અને બીજું પ્રિય જનનો વિયોગ.

વિદૂ—સંસારમાં બે પ્રકારનાં મનુષ્ય છે. સુખી અને દુઃખી; બંદા ખરાકે નસુખી નદુઃખી, ન સંયોગી ન વિયોગી!

(નેપથ્યમાં મેના બોલે છે.)

"તો તારૂં માથું ભાગે, તું બળદની પેઠે તુટી કેમ નથી પડતો ?

રાજા—મિત્ર ! મેનાએ બડી રમતિયાળ છે! એ શું કહેછે ?

વિદૂ—(ક્રોધથી) ઠીક. રાંડ ! જો હમણાં તને પકડીને મચડી નાખું છું તે.

(નેપથ્યમાં મેના ફરી બોલે છે.)

"હા હા જો હમે ન હોત તો તું સહુએ કરત."

રાજા—(જોતો જોતો) હેં, મેના ઉડી ગઇ ? (વિદૂષકને)

આ ગ્રીષ્મઋતુમાં કામી જનોને અતિપ્રિય નિશારૂપી મેના ઉતાવળે ઉડી જાય છે, તો આ મેના કેમ ન ઉડી જાય ! ગમે તેમ પણ સંયોગીઓને તો ગ્રીષ્મ પણ સુખ દાયકજ છે. બે પહોર લગી શીતળ ચંદનનો લેપ, ત્રીજે પહોર બરફથી શીતળ કપડાં, ફુવારા, ખસનીટટ્ટીઓ નાંખેલી બેઠક, અને બરફથી ઠંડી કરેલી મદિરા, અને ચોથા પહોર પછી રાત્રીમાં કામ વિરહ, ઇત્યાદિ આ ઋતુમાં સુખનાં સાધન છે. પણ કરનાર હોય તો.

વિદૂ—એમ નહીં. ગાલ ભરીને પાન, પાણીથા ફુલાવેલી સોપારી, કપુરની ધમક, અને મીઠું મીઠું ભોજન એજ ગ્રીષ્મમાં તો ઠીક પડે છે.

રાજા—છટ ? આટલા તાપમાં તને પાન અને મીઠા ભોજનની પડી છે. આ તાપમાં તો વાયુના સંયોગે જલ, હીમથી મદિરા, ચંદન લેપ કરવાથી સ્રીનું અંગ, અને મધુર પંચમ સ્વરમાં ગજાવેલી વાંસળી એ પાંચ વસ્તુઓજ શીતળ છે. તથા શિરીષ

ફુલનાં ઘરેણાં, સાહેલીની માથા ઉપર વાડી, મોગરાના હાર, ચંપાની ચોળી, નરવારીના ગજરા, પાણીથી ટપકતા કુમુદની દોરા વગરની માળા, અને હાથમાં કમલદંડનાં કંકણુ, એજ રત્નનાં ઘરેણાને બદલે સ્ત્રીઓનો યોગ્ય શ્રૃંગાર છે.

વિદૂ—પણ આપણે તો એજ કહેવાના કે બે પહોર લગી ખાસ્સુ ચંદન ચોળ્યા પછી ખુબ નાહીને શીતળ થઈ ગઈ છે અને મંદ વાયુથી કાનમાં પહેરેલાં ફુલ હાલી રહ્યાં છે એવી સ્ત્રીજ સુખ દાયક છે.

રાજા—(સ્મરણ કરીને)

વસંત તિલકા.

જો પાસ હોય નિજ પ્રીતમ ગૂણવાન,
આ ગ્રીષ્મ દીન વિતતા ક્ષણની સમાન,
જો હોય પ્રીય જનનો વિરહ કૃષાન,
તો વીતતા ન દિન પર્વતની સમાન. ૧૨૩

(વિદૂષકને) મિત્ર એની કંઇ વાત કર.

વિદૂ—હા મિત્ર, સાંભળો સારી સારી લાભની વાતો કહું.

જ્યારથી મહારાણીએ કર્પૂરમંજરીને તે દિવસે સુરંગના બારણા આગળ દીઠી ત્યારથી એ સુરંગનું મ્હોં બંધ કરાવી દીધું છે. અને અનંગસેના, કલિંગસેના, વસંતસેના, તથા વિભ્રમસેના નામની પોતાની ચાર સખીઓને નંગી તરવાર લેઇને પૂર્વમાં; અનંગલેખા, ચંદનલેખા, ચિત્રલેખા, મૃગાંકલેખા, તથા વિભ્રમલેખા એ નામની પાંચ સખીઓને ધનુષ લેઇને દક્ષિણમાં; કુંદનમાલા, ચંદનમાલા, કુવલયમાલા, કાંચનમાલા, બકુલમાલા, મંગલમાલા, તથા માણિક્યમાલા, એ સાત સખીઓને ભાલા લઇને પશ્ચિમ દરવાજે; અનંગકેલી, કર્પૂરકેલી, કંદર્પકેલી, તથા સુંદરકેલી એ ચાર સખીઓને તલવાર આપી ઉત્તર તરફ પેહેરા ઉપર રાખી છે. વળિ હજારો હથિયારબંધ દાસીઓ ચારે તરફ ફર્યા કરેછે. તથા મદિરાવતી, કેલીવતી, કલ્લોલવતી, તરંગવતી, અને તાંબુલવતી એ પાંચ સોનાની છડીઓ લેઈને સેનાની રક્ષા કરે છે.

રાજા—વાહરે, મહારાણી તારી બલિહારી! ખરેખર મહારાણી પોતાના મહારાણીપણું પર આવી!

વિદૂ—મિત્ર! મહારાણી તરફથી સારંગિકા કંઇ કહેવા આવે છે.

(સારંગિકા આવે છે.)

સારં—જય, જય મહારાજનો, મહારાજ! મહારાણીએ નિવેદન કર્યું છે કે આજ વડસાવિત્રીનો ઉત્સવ થશે, તે મહારાજ અગાસીમાં રહી જુવે.

રાજા—જેવી રાણીની આજ્ઞા.

(સારંગિકા જાય છે.)

(રાજા અને વિદૂષક અગાસીમાં ચઢે છે.)

વિદૂ—

હોરી. તાલ દીપચંદી.

નેહે નિહાળો રાજરે, રસ ધૂમ મચી રહી. નેહે નિહાળો.
નૃત્ય કરે કંઈ કંઇ અલબેલી, આનંદે જુવતી સમાજરે.

કેવી ધૂમ મચી રહી. ૧૨૪

વાયુને વેગે વસન ઉડે છે, જળ છાંટે રસ સરતાજ રે.

કેવી ધૂમ મચી રહી. ૧૨૫

કોઇક બાંધે ઉરપ તિરપગતિ, નાચે ખેલડીએ બાઝીઆજ રે

કેવી ધૂમ મચી રહી. ૧૨૬

કંઇક સખી જન મંડળ બાંધી, બતલાવે કંઈકંઇ નાજ રે.

કેવી ધૂમ મચી રહી. ૧૨૭

ચોપાયા.

કોઇક એકલડી ખેલે છે, કોઇક ગઇ અતિ થાકી;

કુચ કંપે છે હાર હલે છે, મન હરે મદ છાકી. ૧૨૮

દેશ દેશની સ્ત્રીઓ તણા, કંઇ નારિ બની છે વેશે;

વિચિત્ર બોલી ટોળ કરે કંઇ, દિસે કોઇ અભિવેશે. ૧૨૯

કોઈ ભીલની રૂપ ધરી, નિર્લજ ચેષ્ટા આદરતી;

કોઇ ગ્વાલિની ભોળિબનીસ્યામા ચિતવન મનહરતી. ૧૩૦

કોઇ હસે કોઇ ગાથ વળી, કોઇ વાત પરસ્પર કરતી;
આનંદે ઉમગે છે અંતર, વિધ વિધ રંગે રમતી. ૧૩૧

(સારંગિકા આવે છે.)

સારં—(સ્વગત) અહો, મહારાજ તો પાનાના બંગલામાં આવીને બેઠા પણ છે! (પ્રકટ) મહારાજનો જયકાર ! મહારાજ, મહારાણીએ કહયું છે કે આજ સાંજરે હમે આપનું લગ્ન કરાવીશું.

વિદૂ—હા હા હા હા ! સાબાશ ! કેવી વખત સુરજ રાગણી છેડી ?

રાજા—સારંગિકા, સવિસ્તર કહે. તારી વાત કંઈ મારા સમજવામાં નથી આવતી.

સારં—ગઇ ચતુર્દશીએ મહારાણીએ માણિકયની ગૌરીની પ્રતિમા બનાવરાવી ભૈરવાનંદને હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. તેથી પ્રસન્ન થઇ મહારાણીએ ભૈરવાનંદને ગુરૂ દક્ષિણા માગી લેવા આગ્રહ કર્યો. ભૈરવાનંદે

કહ્યું કે એવી દક્ષિણા આપો જેથી મહારાજનું કલ્યાણ થાય અને તે પ્રસન્ન પણ થાય; અર્થાત્, લાટ દેશના રાજા ચંદ્રસેનની કન્યા ધનસારમંજરીને વાસ્તે જ્યોતિષીઓએ વચન કહેલું છે કે એની સાથે જેનું લગ્ન થશે તે ચક્રવર્તિ રાજા થશે માટે કર્પૂરમંજરી સાથે મહારાજનાં લગ્ન કરાવી આપો એજ ગુરૂદક્ષિણા માગું છું. મહારાણીએ તે કબુલ કર્યું અને એટલાજ વાસ્તે મને આપની પાસે મોકલી છે.

વિદૂ—વાહ ! વાહ ! માથા ઉપર સર્પ અને કાબુલમાં વૈદ; લંકાની લાડી ને ઘોઘાનો વર ! આજ વિવાહ અને ધનસારમંજરી તો લાટદેશમાં.

રાજા—એમાં શું, ભૈરવાનંદના પ્રતાપથી સર્વ નજીકજ છે.

સારં—મહારાજ, આંબાવાડીઆમાં ચામુંડાના મંદિરમાં મહારાણી અને ભૈરવાનંદ આપનું લગ્ન કરાવશે. મા-

ટે આપ હવે અહીંથી કંઈ ખસશો નહીં.

(જાય છે.)

રાજા—આ બધો ભૈરવાનંદનોજ પ્રભાવ છે.

વિદૂ—અલબત. ચંદ્રવિના ચંદ્રકાંત મણિમાંથી અમૃત કો ણ ઝારે ?

(ભૈરવાનંદ આવે છે.)

ભૈર—આ વડનાં મૂલમાં સુરંગના મ્હો આગળ **ચા**મુંડાની મૂર્તી છે તો હવે અહીંજ રહીએ.

(હાથ જોડીને)

જય જય ? કલ્પાન્ત મહા સ્મશાન રૂપી ક્રીડા મંદિરમાં ખોપરીના કટોરામાં રાક્ષસોનું ઉષ્ણ રૂધિર રૂપી મદિરા પાન કરનારી કરાળી કાળી ! નમો! નમો! (આગળ વધીને) કર્પૂરમંજરી હજી સુધી નથી આવી ?

(સુરંગનું મ્હો ઉઘડે છે અને કર્પૂરમંજરી નીકળે છે.)

કર્પૂ—મહારાજ! પાય લાગુછું.

ભૈર—યોગ્ય વર તને મળો. આવ, અહીં બેસ.

(કર્પૂરમંજરી બેસે છે.)

ભૈર—હજી સુધી રાણી નથી આવી ?

(રાણી આવે છે.)

રાણી—(આગળ જોઈને) અહો ! ચામુંડા તો અહીંજ છે કે ? કર્પૂરમંજરી પણ બેઠી છે. (ભૈરવાનંદને) મહારાજ ! લગ્નની સામગ્રી લઇ આવું.

ભૈર—હા, રાણી.

(રાણી જાય છે.)

ભૈર—(હસીને સ્વગત) કર્પૂરમંજરી આટલી બધી ચોકીમાંથી શીરીતે ગઈ તે નક્કી કરવા ગઈ. તો ઠીક (પ્રકાશ) બેટા કર્પૂરમંજરી ! તું આ સુરંગને રસ્તે તારે ઠેકાણે જઈને બેસ. રાણી તને જોઇ જાય કે પાછી આવજે.

કર્પૂ—જેવી આજ્ઞા.

(જાય છે.)

રાણી—(એક ઓરડામાં જોઇને સ્વગત) અરે, કર્પૂરમંજરી તો અહીં છે. પેલી તો કોઈ બીજી હશે. (પ્રકાશ) બેટા કર્પૂરમંજરી, કેમ છે?

હવે તારા જીવને તો ઠીક છે કની?

(નેપથ્યમાં)

માથું લગિર લગિર દુઃખે છે.

રાણી—ત્યારે તો જાઉંછું. (આગળ વધીને) લાવો, હવે બધી તૈયારી.

(જાય છે.)

(કર્પૂરમંજરી સુરંગને રસ્તે પાછી આવી હતી ત્યાં બેસી જાય છે.)

રાણી—(જોઈને સ્વગત) અરે, અહીં પણ કર્પૂરમંજરી?

ભૈર—બેટા વિભ્રમલેખે લગ્નની, સામગ્રી લઇ આવી?

રાણી—હા, લાવી તો ખરી. પણ કર્પૂરમંજરીને લાયક ઘરેણાં રહી ગયાં.

ભૈર—તો લાવ, હવે જલદી લઇ આવ.

રાણી—જેવી આજ્ઞા. (આગળ વધી તેજ ઓરડા તરફ જાય છે.)

ભૈર—બેટા કર્પૂરમંજરી, પાછું કર તેમનું તેમ.

કર્પૂ—જેવી આજ્ઞા. (સુરંગને રસ્તે હતી તે ઓરડામાં જઈને બેસે છે.)

રાણી—(જોઇને સ્વગત) હું તો ખરેખર છેતરાઇ. (પ્રકટ) અરે લગ્નની તૈયારીની જલદી કરો.

(પછી ભૈરવાનંદ પાસે જઈ કર્પૂરમંજરીને જોઇને સ્વગત) અરે આશું ચરિત્ર છે? મારી ચેષ્ટા આ યોગીશ્વરે બધી જાણી લીધી હશે.

ભૈર—રાણી, બેસ. મહારાજ પણ આવતા હશે.

(રાજા, વિદૂષક અને કુરંગિકા આવે છે.)

ભૈર— મહારાજ બિરાજો.

(સર્વે બેસેછે.)

રાજા— (કર્પૂરમંજરીને જાઇને)

શિખરિણી.

આહા! શક્તી શૂરી મકરધ્વજની મૂર્તિમતિ છે,
શરચ્ચાંદ્ર જ્યોત્સ્ના, પસરિ ખરિકે રૂપવતિ છે;
પ્રતીમા હીરાની, કશુંનમિત શ્રૃંગાર લતિકા,
વસંતી ખીલેલી, સુખમય ખરી મૂલ કલિકા. ૧૩૨

આહા! જેણે એકવાર આને દીઠી તેના ચિત્ત રૂપી દેશમાં કામદેવનું નિષ્કંટક રાજ થઇજ ચુકયું!

વિદૂ— (ધીરે રહીને) આટલી બધી અધીરાઈ શી? હમણાં એક ક્ષણભરમાં તો બગલમાં લેશો. અમસ્તી લવ લવ શી? કોઈ સાંભળે તો કેવું કહે!

રાણી—કુરંગિકા! તુ મહારાજને ઘરેણાં પહેરાવ, અને સારંગિકા ઘનસારમંજરીને પહેરાવે.

(બન્ને સખિઓ ઘરેણાં પહેરાવે છે.)

ભૈર—ગોરને બોલાવો.

રાણી—મહારાજના ગોર કપીંજલજી અહીં બેઠેલાજ છે. હવે કોની વાટ જોવાની રહી?

વિદૂ—હા! હા! અમેતો તૈયારજ છીએ. મહારાજ જુવો હું હસ્તમેલાપ કરાવું. આપ કર્પૂરમંજરીનો હાથ પકડો અને કર્પૂરમંજરી આપનો પકડે!

(જુઠા જુઠા અશુદ્ધ મંત્ર ભણે છે.)

રાજા—(કર્પૂમંજરીનો હાથ ઝાલી સ્વગત) અહાહા! આના કોમળ હસ્તનો સ્પર્ષ થતાં વાંતજ મારૂં આખું શરીર કદંબ અને કેવડાની પેઠે રોમાંચિત થઇ ગયું.

વિદૂ—અગ્નિ પ્રગટો અને લાવા હોમ કરો.

રાજા અને કર્પૂરમંજરી મંગળફેરા ફરે છે અને (કર્પૂરમંજરી ધુમાડાથી જેમ અકળાતી હોય તેમ મ્હોં આડું ફેરવે છે.)

રાણી—હવે લગ્ન થઈ ચુક્યું. હું જાઉં છું. (જાય છે.)

ભૈર—વિવાહની આચાર્ય દક્ષિણા આપવી જોઈએ.

રાજા—(વિદૂષકને) લ્યો, મિત્ર, સો ગામ તને આપ્યાં.

વિદૂ—સ્વર્સ્ત! સ્વસ્તિ!

(ફરીને કોણીઓ કેડમાં પછાડતો નાચવા કુદવા મંડી પડે છે)

ભૈર—મહારાજ, કહો, હવે શું કરવું જોઈએ?

રાજા—(હાથ જોડીને) મહારાજ! હવે શું બાકી છે!

દુહો.

કુંતલ નૃપ કન્યા મળી, ચક્રવર્તિ પદસાથ;
યથા મનોર્થ પૂરા સહુ, તવ પદબળ ઋષિનાથ. ૧૩૨

હરિગીત.

ખલ જન થકી સજ્જન દુખી નહિ થાય હરિપદ રતિરહે,
ઉપસર્ગ હત જનની ગતી અતિશુદ્ધ થઈ દુખ દુર રહે;

વિદ્વાન મત્સરતે તજે નર નારિ મન આનંદ લહે,
તજિ ગ્રામ્ય કુવિતા સુકવિ જનની પિયુષ વાણી સહુ કહે.
૧૩૩

(પડદો પડે છે, સર્વે જાય છે.)

ચોથો અંક સમાપ્ત.

દુહો.

કર્પૂરમંજરિ રસભરી, કરિ સુંદરિ ગુણ ગ્રામ,
નટપુર વાસી નાગરે, અનુવાદિત અભિરામ. ૧૩૪

સમાપ્ત.